કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, May 2026 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ



શ્રી કેતનભાઈ ગજજરના નેતૃત્વમાં
શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં

## પોરબંદરમાં મળ્યું વિશ્વકર્મા સમાજનું ઐતિહાસિક સંમેલન



## પોરબંદર : બાલા હનુમાન જયંતી મહોત્સવ અંતર્ગત રકતદાનનો વૈશ્વિક રેકર્ડ

# વિશ્વકર્મા પરિવાર એકતા સંમેલનની તસવીરી ઝલક
















**VISHWAKARMA VISHAWA**
**(GUJARATI-MONTHLY)**
**RNI REGD. NO.GUJGUJ/2013/49269**




**Volume No.-15, Issue No.04**
**Date : 10-05-2026**

**Page : 28**
**Retail Price Rs.30/-**
**Annual Subscription Rs. 300/-**

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# ગાંધીજીની પવિત્રભૂમિ પર વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશનના શ્રીગણેશ



ગુજરાતમાં વિશ્વકર્મા સમાજની એકતા માટે વર્ષોથી પ્રયત્ન થતા આવ્યા છે. પરંતુ સબળ નેતૃત્વના અભાવે સંગઠનની પ્રક્રિયા આગળ વધતી ન હતી પરંતુ હવે શ્રી જગદીશ વિશ્વકર્માનું નેતૃત્વ મળ્યું છે અને ગાંધીજીની ભૂમિ એવા પોરબંદરના આંગણે શ્રી કેતનભાઈ ગજ્જરના નેતૃત્વમાં ફક્ત ૪૮ કલાકના ટુંકાગાળામાં પોરબંદરની ચોપાટી પર સમગ્ર ગુજરાતમાંથી ઉપસ્થિત આગેવાનો-પ્રમુખોની હાજરીમાં પાંચેક હજાર લોકોના મળી ગયેલ સંમેલનથી એકતાના જે મંડાણ થયા છે તે જોતા આવતા દિવસોમાં સમાજની એકતા વટવૃક્ષ બને તેવી શ્રદ્ધા સમાજમાં જાગૃત બની છે. સાથોસાથ વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશનના શ્રી ગણેશ પણ આ સંમેલનથી થયા છે ત્યારે હવે શ્રી જગદીશ વિશ્વકર્મા નેતૃત્વ હોય અને ગુજરાતભરના સમજમાં જેનુ નામ આદર ભાવે લેવાનું હોય અને જેની કારીગરી કુશળતાથી વિશ્વ પણ પ્રભાવિત થયુ હોય તેવા શ્રી કેતનભાઈ ગજ્જર પણ વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશનમાં જોડાયા હોવાથી વિશ્વકર્મા સમાજની એકતાનું વટવૃક્ષ ઉભુ થવાની શ્રદ્ધા દઢ બની છે.

આ સંમેલનમાં વિશ્વકર્મા સમાજનું સ્કીલ યુનિવર્સિટીનું સ્વપ્ન પણ સાકાર થવાનો સમાજમાં શ્રદ્ધા જાગી છે.

સંમેલનમાં વર્ષોથી શ્રી જગદીશ વિશ્વકર્મા સાથે સંકળાયેલા શ્રી એ.બી. પંચાલે કહ્યું, વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશન અંતર્ગત સ્કીલ યુનિવર્સિટીનું નિર્માણ થતા વિચારને મુર્તિમંત કરવા માટે એક પ્લેટફોર્મ તૈયાર થશે. વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશન અંતગર્ત ૨૦૦ થી ૩૦૦ કરોડના ખર્ચે શરૂ થનાર સ્કીલ યુનિવર્સિટી દ્વારા વિશ્વકર્મા સમાજને માર્ગદર્શન મળશે. સરકારી યોજનાઓનો લાભ પ્રત્યેક સુધી પહોંચે તેવા પ્રયત્નો થશે. તેમજ આઈટી ઉદ્યોગનો પણ વિકાસ થશે. વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા પોરબંદરને આંગણે શ્રી કેતનભાઈ ગજ્જર અને સાથીદારો દ્વારા એકતાની શરૂઆત થઈ છે. વર્ષો પહેલા શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ એક કરોડના અનુદાનની જાહેરાત કરી હતી. ત્યારબાદ જશવંતભાઈ, પરષોતમભાઈ, જયેશભાઈ પંચાલ બાદ હવે કેતનભાઈ ગજ્જર અને પોરબંદર વિશ્વકર્મા સમાજ દ્વારા પણ એક કરોડના અનુદાનની વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશન ઝડપથી આગ વધે, દેશની પ્રથમ સ્કીલ યુનિવર્સિટી સ્થપાય અને સમગ્ર ગુજરાતનો વિશ્વકર્મા સમાજ ઉન્નત પામે તેવી વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના.

Pragajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઇનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# રાજયભરના તમામ જીલ્લાઓમાં વિશ્વકર્મા પરિવાર એકતા સંમેલન યોજવા શ્રી જગદીશ વિશ્વકર્માનું આહવાન

- પ્રવીણ ગજજર



## વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા કરોડોના ખર્ચે સ્કીલ યુનિવર્સિટી સ્થપાશે : શ્રી જગદીશ વિશ્વકર્મા



## પોરબંદરમાં શ્રી કેતનભાઈ ગજજરના નેતૃત્વમાં વિશ્વકર્મા પરિવાર એકતાનો પ્રારંભ



ગાંધીની જન્મભુમિ પોરબંદરએ એકતાની ભૂમિ છે અને એ જ ભુમિ ઉપર સોયથી માંડીને શિપનું સર્જન કરનાર સમાજના સાચા શિલ્પી એવા વિશ્વકર્માઓનું ભારતના ઈતિહાસનું પહેલું વિશ્વકર્મા પરિવાર એકતા સંમેલન યોજવામાં આવતા ૫૦૦૦ થી વધુ લોકો એકત્ર થયા હતા.માત્ર ૪૮ કલાકના ટુંકા આયોજનમાં જ ગામેગામથી હજારો લોકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હોવાથી આયોજકોની જહેમતને બિરદાવવામાં આવી હતી.

ગાંધીજીની જન્મભુમિ પોરબંદરે ફરી એકવાર એકતા અને સંગઠનનો શક્તિશાળી સંદેશ આપ્યો.સોયથી માંડીને શિપ અને પિનથી માંડીને પ્લેનનું સર્જન કરનાર વિશ્વકર્મા સમાજના શિલ્પીઓનુ ભારતના ઈતિહાસમાં પ્રથમ વિશ્વકર્મા પરિવાર એકતા સંમેલન અહીં ભવ્ય રીતે યોજાયું હતું.આ સંમેલનમાં ૫૦૦૦થી વધુ લોકો ગુજરાતના વિવિધ શહેરોમાંથી ઉમટી પડ્યા હતા, જે સમાજની એકતા અને શક્તિનું પ્રતિક બની રહ્યું.માત્ર ૪૮ કલાકના ટૂંકા આયોજન છતાં ગામેગામથી હજારો લોકોની ઉપસ્થિતિએ આયોજકોની મહેનતને બિરદાવવા જેવી બનાવી દીધી હતી.

યુવા ઉદ્યોગપતિ કેતન ગજ્જરના નેતૃત્વમાં ઐતિહાસિક આયોજન પોરબંદરના યુવા ઉદ્યોગપતિ કેતન ગજ્જરના નેતૃત્વમાં આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.સમુદ્ર કિનારે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉત્સાહ, એકતા અને ગૌરવનો અનોખો માહોલ સર્જાયો હતો.વિશ્વકર્મા સમાજના અગ્રણી નેતા જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ ગૌરવમય બનાવ્યો હતો.

જગદીશ વિશ્વકર્માએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, વિશ્વકર્મા સમાજના લોકો માથાના વાળ કરતાં પણ ઝીણું અને કુશળ કામ કરતા આવ્યા છે અને તે માટે તેઓ સૌને વંદન કરે છે.તેમણે જણાવ્યું કે ૧૭ સપ્ટેમ્બર વિશ્વકર્મા પૂજા દિવસ છે અને એ જ દિવસે દેશના વડાપ્રધાનનો જન્મદિવસ પણ આવે છે, જે દિવસ વિશ્વકર્મા સમાજ માટે ગૌરવનો છે.તેમણે વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશનના નિર્માણની જાહેરાત કરતા જણાવ્યું કે આ સંસ્થા દ્વારા સમાજની એકતા વધુ મજબુત બનશે.દર

## ૨ દિવસની જ મહેનતથી મળ્યુ રાજયભરના વિશ્વકર્મા સમાજનું પ્રથમ સંમેલન

# દેશના નિર્માણમાં વિશ્વકર્મા સમાજનો સિંહ ફાળો : શ્રી મનસુખ માંડવીયા

# વિશ્વકર્મા સમાજ જન્મજાત એન્જિનિયર : શ્રી અર્જુન મોઢવાડીયા

મહિને દેશના અલગ-અલગ શહેરોમાં આવા સંમેલનો યોજવાની અપીલ પણ તેમણે કરી.આ સંમેલન કોઈ રાજકીય એજન્ડા માટે નથી, પરંતુ વિશ્વકર્મા દાદાના આશીર્વાદ મેળવવા માટે છે એમ તેમણે ખાસ જણાવ્યું.'મેક ઇન ઇન્ડિયા' અભિયાનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે પિનથી લઈને પ્લેન બનાવતું ભારત વિશ્વમાં આગળ વધી રહ્યું છે અને તેમાં વિશ્વકર્મા સમાજનું વિશેષ યોગદાન છે.વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા ૩૦૦ કરોડના ખર્ચે સ્કિલ યુનિવર્સિટી સ્થાપવાની જાહેરાત કરવામાં આવી,જે યુવાનોને કૌશલ્ય આધારિત શિક્ષણ આપશે.મહિલાઓને સંબોધતા તેમણે સમાજમાં સંસ્કાર જાળવવા અને નવી પેઢીને સારા મુલ્યો આપવાની અપીલ કરી.યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થવા સેન્ટરો શરૂ કરવાની સલાહ આપી.અંતમાં તેમણે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને સમર્થન આપવાની અપીલ પણ કરી.



### ડૉ.મનસુખ માંડવીયા

સાંસદ અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડૉ.મનસુખ માંડવીયાએ જણાવ્યું કે,વિશ્વકર્મા સમાજ સદીઓથી સમાજનું નિર્માણ કરતો આવ્યો છે.લુહાર હોય, સુથાર હોય, સોની હોય કે પ્રજાપતિ દરેક વિશ્વકર્મા જ છે.

તેમણે કહ્યું કે મંદિરોમાં ભગવાનને આકાર આપતો સમાજ જો કોઈ હોય તો તે વિશ્વકર્મા સમાજ છે. વડાપ્રધાનના નેતૃત્વમાં દેશના વિકાસમાં વિશ્વકર્મા સમાજનું મહત્વનું યોગદાન છે.તેમણે પણ ટીમવર્ક દ્વારા સંગઠન મજબુત કરવાની અને ચૂંટણીમાં સફળતા મેળવવાની અપીલ કરી.

### અર્જુન મોઢવાડિયા



રાજ્યના સાયન્સ અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે,વિશ્વકર્મા સમાજ દરેક નિર્માણના પાયાથી ટોચ સુધી મહત્વપુર્ણ ભૂમિકા ભજવે છે.નવી ટેક્નોલોજીના યુગમાં યુવાનો વધુ સ્માર્ટ બની રહ્યા છેકેતન ગજ્જર જેવા યુવાનોને રોલ મોડલ ગણાવ્યા હતા.

### દિનેશભાઈ ગજ્જર

દિનેશભાઈ ગજ્જરે જણાવ્યું કે,પોરબંદરની ધરતીમાં કંઈક વિશેષ છે જેના કારણે સમગ્ર રાજ્યમાંથી લોકો અહીં ભેગા થયા



છે.તેમણે આંકડાઓ સાથે સમાજની શક્તિ રજુ કરી,જેમાં,પોરબંદર-૨૩,૦૦૦, જુનાગઢ-૧૭,૦૦૦,જામનગર ૨૦,૦૦૦,રાજકોટ ૧,૦૦,૦૦૦, સુરેન્દ્રનગર ૧૫,૦૦૦,વેરાવળસોમનાથ ૧૫,૦૦૦,માત્ર ૬ શહેરોમાં ૨ લાખ વિશ્વકર્મા,૩૩ જિલ્લામાં ૧ કરોડથી વધુ વિશ્વકર્મા સમાજતેમણે સમાજને મજબૂત નેતૃત્વ આપવાની જરૂરીયાત પર ભાર મુક્યો.

### એ.બી. પંચાલ



વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશનના સ્વપ્નદ્રષ્ટા એ.બી.પંચાલે જણાવ્યું કે,આ સંમેલન સમાજના પુનઃસંગઠનનો આરંભ છે.સંગઠન શક્તિનો ઉપયોગ શિક્ષણ, ટેક્નોલોજી અને સ્કિલ ડેવલપમેન્ટ માટે કરવાની જરૂર,અમે જન્મજાત ટેકનીશિયન છીએ એમ તેમણે જણાવ્યું હતું.



### સંજયભાઈ તલસાણીયા

તેમણે જણાવ્યું કે ૧૮ વરણના લોકો એક મંચ પર ભેગા થયા છે, જે સમાજની એકતા દર્શાવે છે.દ્વારકા થી સોમનાથ વચ્ચે આવેલ પોરબંદરમાં આ આયોજન ખાસ મહત્વ ધરાવે છે કેતન ગજ્જરના નેતૃત્વની પ્રશંસા કરી હતી. આગેવાનોની વિશાળ ઉપસ્થિતિ આ કાર્યક્રમમાં અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા,જેમાં. ડો.મનસુખ માંડવીયા,અર્જુન મોઢવાડિયા,રામભાઈ મોકરીયા,બાબુભાઈ બોખીરીયા, વિમલભાઈ કગથરા,ડો.ચેતનાબેન તિવારી સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ વડુકરે કર્યું હતુ,પંકજભાઈ દવે અને તેમની ટીમે સંતવાણી અને હાસ્યરસથી માહોલને જીવંત બનાવ્યો હતો.

વિશ્વકર્મા સમાજની એકતા મજબુત કરવાની દિશામાં ઐતિહાસિક પગલું,દર મહિને દેશના અલગ શહેરોમાં સંમેલન યોજવાની યોજના,૩૦૦ કરોડના ખર્ચે સ્કિલ યુનિવર્સિટીનું સ્વપ્ન,યુવાનોને કૌશલ્ય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ પ્રોત્સાહન,સમાજમાં સંસ્કાર અને એકતાને પ્રાથમિકતા વગેરે

# શ્રી કેતનભાઇ ગજ્જર અને પોરબંદર વિશ્વકર્મા તરફથી રૂા. ૧ કરોડનું અનુદાન

કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા હતા અને પોરબંદરમાં યોજાયેલ આ વિશ્વકર્મા પરિવાર એકતા સંમેલન માત્ર એક કાર્યક્રમ નહોતો,પરંતુ સમાજની શક્તિ, એકતા અને ભવિષ્યના વિઝનનું પ્રતિક બની રહ્યો.વિશ્વકર્મા સમાજે સાબિત કર્યું કે તેઓ માત્ર શિલ્પી નથી, પરંતુ દેશના વિકાસના મજબુત સ્તંભ છે.

## વિશ્વકર્મા ગ્લોબલ ફાઉન્ડેશનને કેતનભાઇ ગજ્જર અને વિશ્વકર્મા પરિવાર પોરબંદર તરફથી રૂા. ૧ કરોડ અર્પણ કર્યા

વિશ્વકર્મા સમાજની એકતા અને અખંડીતતાને વધુ મજબૂત બનાવવા તથા સ્કીલ યુનિવર્સીટીના નિર્માણ માટે કાર્યરત બનેલા વિશ્વકર્મા ગ્લોબ ફાઉન્ડેશનને યુવા ઉદ્યોગપતિ કેતનભાઇ ગજ્જર અને વિશ્વકર્મા પરિવાર પોરબંદર તરફથી રૂા. એક કરોડ જેવી માતબર રકમ અર્પણ કર્યાની જાહેરાત કરતા ઉપસ્થિતોએ તાડીઓના ગડગડાટ સાથે આ જાહેરાતને વધાવી લીધી હતી અને કેતન ગજ્જરની દિલેરી તથા સામાજિક ભાવનાને બિરદાવી હતી.

## વિશ્વમાં શોધતા હતા તે હીરલો કેતન ગજ્જર અમને પોરબંદરમાંથી મળી આવ્યો!: ડો. મનસુખભાઇ માંડવીયા





કેન્દ્રીય કેબીનેટમંત્રી અને સાંસદ ડો. મનસુખ માંડવીયાએ પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યુ હતુ કે હું જ્યારે ભારત સરકારમાં શીપીંગ મીનીસ્ટર હતો ત્યારે એક શીપ સમુદ્રમાં ડૂબી ગઇ હતી અને તેમાં રહેલુ ઓઇલ સમુદ્રમાં ફેલાય તો તેના કારણે ભયંકર પ્રદુષણ થાય અને મોટો દંડ પણ થાય તેથી એ સમયે અમે વિદેશની કોઇ મોટી કંપનીને શીપ બહાર કાઢવા માટેનો કોન્ટ્રાકટ આપ્યો હતો અને એ કંપનીએ પોરબંદરના કેતનભાઇ ગજ્જરને પેટા કોન્ટ્રાકટ આપ્યો હતો અને જ્યારે વિશ્વકર્મા મરીનવાળા કેતનભાઇ ગજ્જર મને મળવા આવ્યા અને એવુ કહ્યુ કે તેઓ આ શીપને બહાર કાઢી રહ્યા છે ત્યારે હું ખૂદ આશ્ચર્યચકિત થઇ ગયો હતો. કારણકે અમે વિશ્વમાં શોધતા હતા તે હીરલો કેતન ગજ્જર અમને પોરબંદરમાંથી જ મળી આવ્યો હતો. આ તાકાત છે વિશ્વકર્મા સમાજની તેમ જણાવીને ડો. માંડવીયાએ કાર્યક્રમના સ્વપ્નદ્રષ્ટા કેતનભાઇ ગજ્જરની કામગીરીને બિરદાવી હતી.

### યુવા શક્તિ માટે પ્રેરણાસ્ત્રોત કેતન ગજ્જર

કેતન ગજ્જરે સાબિત કરી બતાવ્યું કે જો નિયત સ્પષ્ટ હોય અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના હોય તો અશક્ય કંઈ નથી. તેમના આ પ્રયાસને સમાજના વડીલો, આગેવાનો અને યુવાનો તરફથી બિરદાવવામાં આવી રહ્યો છે. આ સંમેલને પોરબંદરના વિશ્વકર્મા સમાજમાં નવી ચેતનાનો સંચાર કર્યો છે.

# વૈષ્ણવી ગજ્જર લીખીત ફોક સોંગ વાયરલ બન્યુ

પ્રસિદ્ધ ગાયિકા સંતવાણી ત્રિવેદીનું હાલમાં રિલીઝ થયેલું ગીત જીવનજી, જે એક ટ્રેડિશનલ ફોક સોંગ છે, તેમાં ગીતના લેખક તરીકે વૈષ્નવી ગજ્જરએ કામ કર્યું છે. જીવનજી ગીત હાલમાં સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યું છે અને માત્ર એક મહિનામાં આ ગીતને ૧ લાખથી વધુ વ્યૂઝ મળ્યા. આ ગીત વાયરલ થયા પછી વૈષ્નવી ગજ્જરને BBC London માં ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા. આ બદલ વૈષ્નવી ગજ્જરને ખૂબ ખૂબ અભિનંદન.






## પોરબંદરમાં બાલા હનુમાન જયંતિ મહોત્સવમાં

# ૧૧૧૪૬ બોટલ રકતદાનનો વૈશ્વિક રેકર્ડ : ગંભીરા બ્રીજ બન્યો વિશ્વકર્મા બ્રીજ

- પ્રવીણ ગજજર






**બીજેપી પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માએ કહયુ, રકતદાનનો આવો રેકર્ડ હિંદુ રાષ્ટ્રમાં જ શકય**

પોરબંદરમાં બાલા હનુમાન જયંતિ અંતગર્ત યોજાયેલ ત્રિદિવસીય વંદના મહોત્સવ અંતર્ગત શ્રી કેતનભાઇ ગજજર અને તેની ટીમ દ્વારા યોજાયેલ રકતદાન કેમ્પમાં ૧૧૧૪૬ બોટલના થયેલ રકતદાને નવો વિશ્વરેકર્ડ સ્થાપિત કર્યો છે. વંદના મહોત્સવના ત્રીજા એટલે કે હનુમાન જયંતિ દીને સ્થાનિક ચુંટણીની તૈયારીમાં અતિવ્યસ્ત હોવા છતાં ગુજરાતના મંત્રી અને બીજેપીના પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા હાજર રહયા અને કહયુ કે, હનુમાન જયંતીના દિવસે ગાંધીજીની ભૂમિ પોરબંદરમાં થયેલ રેકર્ડબ્રેક રકતદાને વિશ્વમાં નવો રેકર્ડ સ્થાપ્યો જે ન ભૂતો ન ભવિષ્યતી છે અને આવો ઇતિહાસ સર્જનાર શ્રી કેતનભાઇ ગજજરને અભિનંદન આપીએ એટલા ઓછા છે. હું સરકાર વતી અને ગુજરાત ભાજપ વતી શ્રી કેતનભાઇ ગજજર અને તેની ટીમને હૃદયભીના અભિનંદન આપ્યા હતા.

શ્રી જગદીશ વિશ્વકર્માએ કહયું કે શ્રી કેતનભાઇ ગજજરે

## ૯૦,૦૦૦ બોકસમાં ચારેક લાખ લાડુનું પ્રસાદ તરીકે વિતરણ









# દેવ-દેવીઓના પોષાકથી સજજ ૬૮૫ બાળકોનું અભિવાદન

ગંભીરાબ્રીજ પરથી ફસાયેલ ટેન્કર મિનિટોમાં કાઢી નાખ્યું હતું. અને બાદમાં તેઓએ સરકાર પાસેથી કોઇ ચાર્જ લીધા વગર કરોડોના ખર્ચે બ્રીજ બનાવી રાષ્ટ્રને અર્પણ કરી અનેરી રાષ્ટ્રસમર્પણ ભાવના વ્યકત કરી અને સમગ્ર વિશ્વકર્મા સમાજ તરફથી આ બ્રીજ રાજયને અર્પણ કર્યો. તેમની આ ભાવનાની કદર કરી ગંભીરા બ્રીજનું નામ વિશ્વકર્મા બ્રીજા જાહેર કરૂ છું. રાજય મંત્રી અર્જુનભાઇ મોઢવાડીયા અને કેતનભાઇ ગજજરની ઉપસ્થિતિમાં થયેલ આ જાહેરાતને ગુજરાતભરમાંથી અને અન્ય રાજયમાંથી આવેલ સમાજના આગેવાનોએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.



સુદામા ચોકમાં ખાસ ઉભા કરાયેલ એ.સી. ડોમમાં શ્રી જગદીશ વિશ્વકર્મા, કેતનભાઇ ગજજર, અર્જુનભાઇ મોઢવાડીયા સાથે આગમન થયા બાદ ડોમમાં ઉપસ્થિત સમગ્ર સમાજને અભિવાદન કરતા કરતા સ્ટેજ પર પહોંચ્યા હતા. દેવ-દેવીઓની વેશભુષાથી સજજ ૬૮૫ બાળકોનું અભિવાદન કરી બાળકો સાથે સંવાદ પણ કર્યો. આ પ્રસંગે શ્રી જગદીશ વિશ્વકર્મા, મંત્રી અર્જુન મોઢવાડીયા અને શ્રી કેતનભાઇ ગજજરના હસ્તે બાલા હનુમાનના ફોટા સાથેની નોટબુકનું વિમોચન કર્યું. વિમોચન બાદ ૫૧૦૦૦ નોટબકનું વિદ્યાર્થીઓનું વિતરણ કરાયું. સાથોસાથ વેશભુષાથી સજજ ૬૮૫ બાળકોને કંપાસ, વોટરબેગ સાથેની સ્કુલ બેગનું સ્મૃતિભેટ રૂપે આપવામાં આવી.

ડોમમાં કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા અને શ્રી કેતનભાઇ ગજજર 'વિશ્વકર્મા' મીકેનીકલની ઓફીસે આવ્યા. જયાં શ્રી કેતનભાઇ ગજજરે શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા અને અર્જુનભાઇ મોઢવાડીયાનું ખેસ પહેરાવી સન્માન કર્યું હતું.

બાદમાં શ્રી કેતનભાઇ ગજજરના નિવાસેથી ધર્મયાત્રાનો પ્રારંભ થયો. શ્રી કેતનભાઇ ગજજરના માતુશ્રી રેખાબેન, ખ્યાતિબેન કેતનભાઇ ગજજર, તેમના પરિવારજનો આરતી

# શ્રી જગદીશ વિશ્વકર્માએ બાળકો સાથે કર્યા સંવાદ






# સમગ્ર વિશ્વકર્મા સમાજ વતી રાષ્ટ્ર સમર્પણથી વિશ્વકર્મા બ્રીજ બનાવી આપવા બદલ શ્રી કેતન ગજજરની સરાહના

સાથે યાત્રામાં જોડાયા સાથે શ્રી જગદીશ વિશ્વકર્મા, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી કેતનભાઇ ગજજર આગેવાનો મહેમાનો સાથે જોડાયા. ઢોલ નગારા અને ધુનની રમઝટ વચ્ચે આરતી યાત્રા બાલા હનુમાને પહોંચી જ્યાં સૌએ આરતી ઉતારી ધન્યતા અનુભવી.

આરતી બાદ શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા, અર્જુનભાઇ મોઢવાડીયા અને ભાજપના આગેવાનોના હસ્તે લાડુ વિતરણનો પ્રારંભ થયો. શ્રી કેતનભાઇ ગજજર પણ સાથે રહયા. સમગ્ર પોરબંદરના ૯૦ હજાર ભાવિકોને લાડુ બોક્સનું વિતરણ કરાયું. બોક્સમાં ચોખ્ખા ઘી અને ડ્રાયફ્રુટથી બનાવેલ ચાર ચાર લાડવા, ફરસાણ અને બાલા હનુમાનનો ફોટો પણ પ્રસાદમાં અપાયો હતો. કુલ ચારેક લાખ લાડવાનું વિતરણ શિસ્તબદ્ધ



રીતે કરવામાં આવ્યું.

રાત્રીના ગીતાબેન રબારીનો લોકડાયરો યોજાયો જે મોડી રાત સુધી લોકોએ માણ્યો. પોલીસ કમિશનર ભગીરથસિંહ જાડેજા, રાજકીય, સામાજીક આગેવાનો પણ ઉપસ્થિત રહયા હતા.

# બોટાદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ માં અંડર-૨૩ મીત ગજ્જરની પસંદગી

રાજકોટ સ્થિત Saurashtra Cricket Association દ્વારા આયોજિત ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત બોટાદ જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા તા. ૧૯/૦૪/૨૦૨૫ના રોજ પાળીયાદ ખાતે અંડર-૨૩ ટીમ માટે સિલેક્શન કેમ્પ ભવ્ય અને ઉત્સાહભેર યોજાયો હતો. આ કેમ્પમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના નિષ્ણાત સિલેક્ટરોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમણે ખેલાડીઓની પ્રતિભા, ટેકનિક અને રમતિયાળ વલણનું નિષ્પક્ષ અને વ્યાવસાયિક મૂલ્યાંકન કર્યું હતું.



આ ગૌરવપૂર્ણ પ્રક્રિયામાં બોટાદ જિલ્લાના પ્રતિભાશાળી યુવા ક્રિકેટર મીત ગજ્જરે પોતાની ઉત્તમ રમત, અવિરત મહેનત અને અડગ લગનના બળ પર અંડર-૨૩ ટીમમાં સ્થાન મેળવી સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી પાથરી છે. તેમની આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નહીં, પરંતુ બોટાદ જિલ્લાના ક્રિકેટ ક્ષેત્ર માટે ગર્વનો વિષય બની છે.

આ પ્રસંગે બોટાદ જિલ્લા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ જેબલીયા, હેડ કોચ કિરણ સોલંકી તેમજ અમદાવાદ સ્થિત Sardar Patel Institute of Sports (SPIS) ના ચીફ કોચ, રણજી ટ્રોફી પ્લેયર અને BCCI લેવલ-૨ સર્ટિફાઇડ કોચ કલ્પેશભાઈ પાટડીવાળાએ મીત ગજ્જરને હાર્દિક અભિનંદન પાઠવી તેમની આ સિદ્ધિ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે મીત ગજ્જર ભવિષ્યમાં પણ સતત પ્રગતિ કરતા રહી વધુ ઊંચાઈઓ સર કરશે અને ક્રિકેટ ક્ષેત્રે નવા કીર્તિમાનો સ્થાપશે.

મીત ગજ્જરની આ ઉપલબ્ધિ અનેક યુવા ક્રિકેટરો માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે અને બોટાદ જિલ્લાના ક્રિકેટ ક્ષેત્રમાં નવી ઊર્જા, આત્મવિશ્વાસ અને ઉત્સાહનું સંચાર કરશે.

મહેનત, લગન અને આત્મવિશ્વાસ હોય તો સફળતા ચોક્કસ મળે - મીત ગજ્જર તેની જીવંત સાબિતી છે.

# દીધલીયા હનુમાન ખાતે હનુમાન જયંતીની ઉજવણી








વાંકાનેર પાસે આવેલા તલસાણિયા પરિવારના તલસાણિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત દીધલીયા હનુમાનજીએ હનુમાન જયંતીની ભાવ અને ધર્મમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત અને ગુજરાત બહારથી પણ તલસાણીયા પરિવારના સદસ્યો, આમંત્રીતો વગેરે ઉપસ્થિત રહયા હતા. રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, ટ્રસ્ટીઓ મગનભાઇ બોરાણીયા, યોગીનભાઇ છનિયારા તેમજ અરવિંદભાઇ ગજ્જર (એડવોકેટ), અમદાવાદથી શ્રી શાંતિભાઇ ખોડદીયા ખાસ ઉપસ્થિત રહયા હતા.

હનુમાન જયંતીએ સવારે હનુમાનજી અને મહાદેવ મંદિરે શાસ્ત્રોકત વિધિથી પૂજન અને ધ્વજાપુજન કરવામાં આવ્યું હતું. ભાવિક રમેશભાઇ તલસાણિયા, નવીનભાઇ અંબારામભાઇ, રમેશભાઇ પ્રેમજીભાઇ અને રમેશભાઇ અંબારામભાઇ (મારૂતિ) વગેરેના હસ્તે ધ્વજાપુજન બાદ મહાનુભાવોના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

હનુમાનજી અને મહાદેવના સાંનિધ્યમાં હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હવનમાં યજમાન તરીકે વિજયભાઇ અને શ્વેતાબેન તથા મનોજભાઇ અને તેમના પત્નીએ લહાવો લીધો હતો. શાસ્ત્રોકત વિધિથી હવન પુર્ણ થયા બાદ હવનમાં બીડુ હોમાયુ ત્યારે સમગ્ર તલસાણિયા પરિવાર ઉપસ્થિત રહયો આ હવનપુર્ણ થયા બાદ સૌએ સાથે ભોજન લીધુ હતું.

# સુખી પરીવાર નો આધાર :-સ્નેહ અને સમજણ યુક્ત Parenting



રૂપલ વડગામા

Parenting શબ્દ માત્ર બાળકોને ઉછેરવાની પ્રક્રિયા સુધી જ સીમીત નથી.

Parenting એટલે બાળકના શારીરિક, માનસીક, ભાવનાત્મક અને સામાજીક વિકાસ માટે જાગૃત રીતે આપેલો સમય, ધ્યાન, અને માર્ગદર્શન, બાળકને સમજવું, તેને સાંભળવું, અને તેની આંતરીક દુનિયા સાથે જોડાવું Parenting નો મહત્વનો ભાગ છે.



બાળઉછેર માં માતાપિતા બનેનું સમાન યોગદાન હોય છે. કારણ કે આ માત્ર Mothering કે માત્ર Fathering નથી પણ Parenting છે.

આનંદદાયક બાળઉછેર એટલે એવો ઉછેર કે જેમાં માત્ર બાળક જ નહી, માતાપિતા પણ સંતોષ અને શાંતી અનુભવે. જ્યાં કોઈ સ્પર્ધા કે સરખામણી ના હોય, પરંતુ સ્વિકાર અને સમજણ હોય, શિસ્ત હોય પણ ડર વગર. બાળપણ એ કુંભારના ચાકડા પર મુકાયેલ માટીના એવા પિંડ જેવું છે. જેને તમે જેવો આકાર આપો તેવો તે બનશે.

આનંદદાયક બાળઉછેર દરેક માતાપિતાની ઈચ્છા છે પણ આ ૨૧ મી સદીની પેઢી અલગ જ પડકારો સાથે મોટી થઇ રહી છે. ટેક્નોલોજી, સોશીયલ મીડિયા, કારકિર્દીનું ભારણ તો ક્યાંક બાળક બોલવા માંગે છે તો Parents પાસે સમય નથી. ક્યાંક Parents સમજાવવા માંગે છે પણ બાળક સાંભળવા તૈયાર નથી. કોઈક બાળક Marks અને Success ની દોડમાં પોતાની Identity જ ખોઈ બેસે છે. Parents થી અજાણતા થતી સરખામણી બાળકોનો Self Esteem તોડે છે. અને આવા તમામ પડકારોમાં સૌથી મુશ્કેલ પડકાર એટલે મોબાઈલ અને Screen નો અતિરેક.

બાળક નાનું હોય ત્યારે તેને શાંત કરવા અથવા માતાપિતા પોતાનું કામ આટોપવા બાળકને મોબાઈલ પકડાવી દે છે. મોબાઈલનો ઉપયોગ Babysitterની જેમ કરે છે. અને ધીમે ધીમે બાળક તેનું આદી બનતું જાય છે. મોબાઈલના અતિરેકથી બાળકની સર્જનાત્મકતા, ધીરજ, પ્રકૃતિ કે સમાજમાંથી નવું શીખવાની કલા પર ઊંડી અસર પડી છે.

સમસ્યા ની વાતો કરવી તો સરળ છે પણ તેનો ઉકેલ લાવવા જાગૃતતા અને Action બંને જરૂરી છે.

Screen Addition દુર કરવા Parents ને બે વસ્તુમાં Action લેવું જરુરી છે.

(૧) કેટલો Screen Time આપવો

(૨) કેવા પ્રકારની Screen આપવી

સમય મર્યાદા માટે ૪/૨/૧ નો નિયમ પાળવો. બાળક સ્કુલથી ઘરે આવે ત્યારબાદ ૪- કલાક Study જેમાં H.W. કે Self Learning કરવું.

ત્યારબાદ ૨- કલાક Sports જેમાં Indoor Game કે Outdoor Game રમી શકે. Indoor Game થી બાળક શાંતીથી એક જગ્યાએ બેસવાનું, વિચારવાનું, અને પોતાનો વારો આવે ત્યાં સુધી ધીરજ રાખવાનું શીખે છે. જયારે Outdoor Game થી નિર્ણય લેતા, વાતચીત કરતા, સમૂહની ભાવના શીખે છે. આટલું કરી લે ત્યારબાદ બાળક ૧- કલાક Screen જોવા માટે હકદાર છે. આ સમય તેણે કામ કરીને કમાયેલો સમય છે.

Parents ધ્યાન રાખે કે બાળક તેની ઉમરને અનુરૂપ કાર્યક્રમ જુએ. દરેક કાર્યક્રમ પહેલા ઉમરનું સર્ટીફિકેટ આવે છે તો તે મુજબ બાળકની અલગ Profile બનાવી શકાય અને બાળક તેની Profile માંથી જ Screen વાપરે તે Parents એ જોવું જોઈએ.

બાળકને ટેક્નોલોજીથી દુર નહી કરી શકાય. Freedom આપવી જરુરી છે But Boundaries સાથે મોબાઈલનો પ્રશ્ન અત્યારે ખુબ જ વિકરાળ છે. અંધેરા ઘના હૈ પર દિયા જલના કહા મના હૈ એવું સમજીને આપણાથી શરૂઆત તો કરીએ.

Parenting જીવનની સૌથી સુંદર યાત્રા છે. અહી દરેક દિવસ એક નવી તક છે. Connect થવાની, સમજી અને સુધરવાની, જયારે ઘરમાં સમજણ, સ્વિકાર અને પ્રેમ હોય ત્યારે બાળક માત્ર સફળ જ નહી પણ સંતુલીત ખુશહાલ અને આત્મવિશ્વાસથી સભર બને છે.

# દિક્ષીતા ઘોરેચા : વિવિધ ક્ષેત્રમાં માહિર વ્યક્તિત્વ

દિક્ષીતા ઘોરેચા બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા યુવા મહિલા છે. દીક્ષીતાબેન વ્યવસાયે શિક્ષિકા છે અને લેખક ઉપરાંત કવિયીત્રી પણ છે. દિલથી તે પ્રકૃતિપ્રેમી છે. પ્રકૃતિપ્રેમ તેમને સ્વાધ્યાયી માતાપિતાએ વારસામાં આપ્યો છે અને ઘેર ગાર્ડનીંગ પણ કરે છે. યોગાચાર્યની સાથે સૌંદર્યક્ષેત્રમાં પણ છ વર્ષ કામ કર્યું છે. આમ અલગ અલગ ક્ષેત્રમાં કાર્યરત એવા દિક્ષીતાબેન વિશ્વકર્મા વિશ્વમાં પોતાની કલમનો પ્રસાદ પીરસતા રહયા છે.




આવી પ્રતિભાઓને આકાશવાણી 'સહિયર' નામના કાર્યક્રમમાં પોખતુ રહયું છે. ગત મહિને આકાશવાણીના 'સહિયર' કાર્યક્રમમાં આકાશવાણીના નિર્માણ સહાયક ભાવના દોશીએ દિક્ષીતા ઘોરેચાની મુલાકાત લીધી હતી. જેનુ રાજકોટ ઉપરાંત અમદાવાદ, વડોદરા અને ભુજથી થયું હતું.

દીક્ષીતાબેન ઘોરેચાની આકાશવાણીએ લીધેલ મુલાકાત અહીં પ્રસ્તુત છે.

**૧) દિક્ષિતા બહેન આપનો પરિચય આપશો :-**

મારું નામ દિક્ષિતા કલ્પેશભાઈ ઘોરેચા. હું રાજકોટમાં જ રહું છું. વ્યવસાયથી શિક્ષક, શોખથી રાઈટર અને દિલથી પ્રકૃતિ પ્રેમી છું. ગર્વથી જીતુભાઈ, કિરણબેન દહીંસરિયા ની દીકરી.

**૨) તમારા કિચન ગાર્ડનમાં હાલ તમે શું શું વાવેલું છે?**

હાલ હું મારું મકાન પચાસ વાર માં જ છે તેમાં આંગણું નથી માટે અગાશી પર નાના મોટા પચાસ કુંડાઓ માં અલગ અલગ શાકભાજી જેવા કે, રીંગણા ,ગુવાર, મરચાં, ટામેટા, દુધી, ઘિશોડા, ગલકા અને ફ્રુટમાં સ્ટ્રોબેરી વાવેલ છે. તેમજ અન્ય અલગ શો પીસના પ્લાન્ટ પણ વાવેલ છે. જેનો આસ્વાદ મારા બાળકો અને મારો પરિવાર માણે છે.

**૩) તમે પર્યાવરણમાં હાલ કયા કયા કાર્યો કરો છો?**

હાલ હું વોટ્સએપમાં આશરે પોણા બસોથી બસો ભાઈઓ તથા બહેનો અને એગ્રો માર્કેટ ના ભાઈઓ નું એક ગો ગ્રીન કરીને એક ગ્રુપ ચલાવું છું. જેમાં ગ્રુપના મેમ્બર્સ સવાર પડે હરખે હરખે પોતાની ઘરે ખીલેલું ફુલ, વાવેલા શાકભાજી, તેમજ ફ્રુટના પણ ફોટા મૂકે છે. સાથે સાથે પોતાના છોડની અંદર આવેલો કોઈ પ્રશ્ન એમને મૂંઝવતો હોય તો પૂછે છે. જેનો જવાબ હું અને અમારા સહ સાથી માધવીબેન જોગીયા એડમીન પેનલ છીએ તે તેમજ એગ્રો માર્કેટ ના ભાઈઓ છે એમને માર્ગદર્શન પૂરું પાડે છે. જેમના છોડવામાં કોઈ જંતુનો એટેક થયો છે તો એમનો નિવારણ કરી આપે છે. અને આશરે એ બસો ઘરે પોતાનું હરિયાળો બગીચો છે. એ રીતે સેવા પૂરી પાડીએ છીએ.

**૪) દિક્ષિતા બહેન આ પ્રકૃતિ તરફ જોડવાની પ્રેરણા તમને ક્યાંથી મળી?**

પ્રકૃતિ તરફ જોડાવાની પ્રેરણા તો એમનું બીજ નાનપણથી જ રોપાયેલું હતું. હું સ્વાધ્યાય પરિવારથી આવું છું. ત્યાં એક વૃક્ષ મંદિર કરીને એક પ્રયોગ હોય છે. ત્યાં એક વૃક્ષ આપણે દત્તક લેવાનું હોય છે અને એમની પૂજા અર્ચના, શ્રાવણ મહિના દરમિયાન કરવાની હોય છે તેમજ એમની સંભાળ પણ રાખવાની હોય છે. એટલે આ બીજ તો નાનપણથી જ રોપાયેલું હતું પણ એમ કહેવાય કે હવા તો દરેક જગ્યાએ હોય પણ અનુભવાય પંખાની નીચે. એમ કોરોના માં જ્યારે અલગ અલગ ક્ષેત્રે કામ કરવા છતાં કોરોના એ દરેક લોકોને નવરા કરી દીધા હતા. અને આપણે જે સમજતા હતા કે સાચું સુખ તો આ બહારી વસ્તુઓમાં છે એ કશું તો ત્યારે ચાલુ જ ન હતું. ત્યારે જાતને મળવાનો સમય થયો. ત્યારથી વધુ હું પ્રકૃતિ સાથે જોડાણી.

**૫) દિક્ષિતા બહેન પર્યાવરણને લઈને તમને થયેલા ખાસ અનુભવ અમારી સાથે શેર કરો.**

હા ચોક્કસ, મેં તમને વાત કરી એ પ્રમાણે કે કોરોના કાળમાં જ્યારે વ્યક્તિ વ્યક્તિથી દૂર હતો એ સમયે આ છોડવાઓએ, માટીએ જે સાથ આપ્યો એ અદભુત હતો. આ મારું માનવું છે કે, તમે જીવનના કોઈપણ અઘરા સમયથી જ્યારે પસાર થતા હોય ત્યારે તમારી મોટામાં મોટી સમસ્યા જો તમે છોડવાઓ સાથે શેર કરો છો તો તમે માનશો નહીં એ મૂંગું રહીને પણ તમને જવાબ કે માર્ગદર્શન આપે છે. આ વાત કદાચ કાલ્પનિક કે ગાંડપણ લાગે પણ એમના તરફ વળતો જવાબ મને એ મળેલો કે, પાનખર પછી જો મારામાં પણ વસંત આવી શકતી હોય તો નબળા સમય પછી સબડો સમય આવે જ છે. મારા પાંદડા અને ફૂલો જ્યારે ખરે છે ત્યારે હું દુઃખ વ્યક્ત નથી કરતું પણ એ સમયને પસાર થવાની હું ધીરજથી રાહ જોઉં છું. અને મારામાં પણ વસંત ખીલે છે. છોડવાઓ મને શીખવી જાય છે કે અંધારી રાત પછી સુખનો સૂર્યોદય થાય જ છે. એવા ઘણા પ્રશ્નો કોઈ વ્યક્તિ સાથે શેર

કરવા કરતા મેં મારા છોડવાઓ સાથે શેર કરેલ છે કે જેમના જવાબો મને મારા છોડવાઓ એ આપેલ છે.

**૬) દિક્ષિતા બહેન આ છોડવાઓ વિશે માહિતી તમે ક્યાંથી મેળવી કે તમે કોઈ તાલીમ લીધેલી છે?**

ના, મેં કોઈ તાલીમ લીધેલી નથી. મને પણ પહેલા અમારી ગ્રુપની બહેનો જેવા પ્રશ્નો રહેતા હતા પણ હા હું પ્રકૃતિ શિબિરોમાં આપણે વીડી બાલા સાહેબ જે હાલ રેસકોર્સ બાલ ભવનમાં ખેડૂત હાટ ચલાવે છે એ ફોરેસ્ટ અધિકારી હતા હિંગોળગઢ અભયારણ્યમાં ત્યારે મેં એમની સાથે પ્રકૃતિ શિબિરો કરેલી ત્યાંથી મને માર્ગદર્શન મળેલું. તેમજ હાલ પણ હું કોઈ પણ છોડવાની ખરીદી કરું છું કે બિયારણ લઉં છું તો એની સંપૂર્ણ માહિતી પહેલા હું નર્સરી વાળા ભાઈ પાસેથી અથવા એગ્રો માર્કેટ વાળા ભાઈઓ પાસેથી મેળવું છું ત્યારબાદ જ બીજાને શેર કરૂં છું. ધીમે ધીમે ક્યારે હું બીજા લોકોને માહિતી આપતી થઈ ગઈ એ મને જ ખ્યાલ ન રહ્યો.

**૭) દિક્ષિતાબહેન તમે રાખેલી કંઈક અલગ માનતા વિશે વાત કરો.**

હા ચોક્કસ, સામાન્ય રીતે લોકો પોતાની મા કુળદેવી કે ઇષ્ટદેવની માનતાઓ રાખતા હોય છે. મને મારી કુળદેવી અને ઇષ્ટદેવ ઉપર ખૂબ શ્રદ્ધા સાથે મા પ્રકૃતિ ઉપર પ્રેમ પણ ખરો!મારે બે બાળકો છે જ્યારે મારે બીજું બાળક મારા ગર્ભમાં હતું ત્યારે મા પ્રકૃતિને મે અરજ કરેલી કે જો તું હેમખેમ મને સ્વસ્થ બાળક હાથમાં આપશે તો હું તને લીલી ચુંદડી ચડાવવાની માનતા લઉં છું. સામાન્યતઃ બહેનો માતાજીને લાલ ચુંદડી ચડાવે છે. મેં લીલી ચુંદડી ચડાવવાની માનતા લીધી અને મારી માનતા ફળી અને મને સ્વસ્થ બાળક, તેજસ્વી બાળક મળ્યું. ત્યારબાદ જ્યારે હું સ્વસ્થ થઈ ત્યારે મેં મારા જ બગીચા ની અંદરથી નાના નાના છોડવાઓની કટીંગ લઈ ડિસ્પોઝેબલ ગ્લાસમાં વર્મી કમ્પોસ્ટ અને કોકો પીટ નાખીને એ કટિંગને વાવી. સરસ છોડવા ઉગ્યા અને મેં આશરે પંચોતેર પ્રકૃતિ પ્રેમીઓને એ છોડવાઓ ભેટ આપ્યા. એ લોકોએ દરેકે એ છોડવાઓ મોટા કર્યા, ઉછેર્યા આ રીતે મેં મારી મા પ્રકૃતિને લીલી ચુંદડી ચડાવવાની માનતા પૂર્ણ કરી.

**૮) દિક્ષિતાબેન તમે જ્યારે જોઈન્ટ ફેમિલીમાં રહો છો તમારે બે બાળકો છે તો આ બધી વસ્તુઓ પાછળ તમે સમય કઈ રીતે ફાળવો છો?**

પહેલી વાત તો એ કે શોખના કામમાં ક્યારેય થાક લાગે જ નહીં. અને કરવાની ઈચ્છા હોય તો કાંઈ નડે નહીં. હું સમયનું મેનેજમેન્ટ કરીને ચાલુ છું. મારા બાળકો સવારે સ્કૂલે જાય છે ત્યારબાદ હજુ ગૃહકાર્ય એ વેગ પકડ્યો નથી હોતો. વિશ્વ શાંત હોય છે એ સમયે હું મારા *મી* ટાઈમ તરીકે ફાળવું છું. નિંદરના સમયમાં એક કલાકની કસોટી કરી તમે તમારા શોખ પાછળ સમય આપી જ શકો. ભગવાને દરેકને ચોવીસ કલાક આપ્યા છે અને એ ચોવીશ કલાકમાંથી જો તમે એક કલાક પણ પોતાની પાછળ ન ખર્ચી શકો. તો એ વ્યર્થ છે અને સાચું માનશો કે પોતાના મનગમતી પ્રવૃત્તિ પાછળ આપેલો એક કલાકનો સમય તમારા બાકી ત્રેવીસ કલાકનો થાક ઉતારી આપશે. આ હું મારા વ્યક્તિગત અનુભવ પરથી કહું છું.

**૯) દિક્ષિતા બહેન આટલા બધા ક્ષેત્રોએ પ્રવૃત્તિ છો ત્યારે ઘરમાંથી તમને કઈ રીતે સપોર્ટ મળે છે?**

ઘર પરિવાર નો સપોર્ટ એ ખૂબ મહત્વનો પાસું છે મારા માટે. મારા સસરા ગીરીશભાઈ ઘોરેચા, સાસુ હર્ષિદાબેન ઘોરેચા તેમજ મારા પતિ કલ્પેશભાઈ નું સાથ પણ ઘણો છે. મારા બાળકો પણ ખૂબ ઉત્સાહી અને આમ પણ બાળકો તો જેવું જોવે એવું કરે.છોડવા લેવાની વાત આવે અમે આખું ઘર તત્પર રહીએ છીએ નવા છોડવાઓ વાવવા માટે. અમારે તો બહાનું જોતું હોય એનિવર્સરી, જન્મદિવસ કે પછી કોઈની તિથિ એ પણ અમે છોડવાઓ વાવીએ છીએ. બે દિવસ માટે મારે બહાર જવાનું થાય તો પણ બાકીના સભ્યો બધા પર્યાવરણ પ્રેમી છે એ છોડવાનું ધ્યાન રાખે છે. હું મારું સદભાગ્ય સમજુ છું મારા પરિવારને.

**૧૦) દિક્ષિતા બહેન ઘણા બહેનોને છોડવાઓ વાવવા માટે જગ્યા જ નથી હોતી એવું કહેતા હોય છે એમને તમે શું કહેશો?**

જો કરવું જ હોય તો એમના માટે તો કોઈ પ્રશ્ન જ નથી પણ જ્યારે અત્યારના સમયમાં હાયરાઇઝ ફ્લેટ સિસ્ટમો વધી ગઈ છે ત્યારે બહેનોની ફરિયાદ કોઈ છે કે પાણી લીકેજ ના પ્રોબ્લેમ નડતા હોય છે. જગ્યા ઓછી છે. તું એક જ વાત કહેવા માગીશ કે, જ્યારે આપણે આર્ટિફિશિયલ પ્લાન્ટ લઈ આવી ઘરની શોભા વધારતા હોય તો એના બદલે ઘરમાં આપણે એક એવો કોર્નર કે જ્યાં બે ચાર નાના પ્લાન્ટ વાવી શકીએ. નવા મકાનનું બાંધકામ થતું હોય ત્યારે જેમ આપણી બાકી જરૂરિયાતોને લઈને આપણે જગ્યા ફાળવીએ છીએ એવી જ રીતે નાની એવી ગેલેરી પોતાના બગીચા માટે ફાળવી શકીએ. જો ઘરમાં કોઈ આવો કોઝી કોર્નર હોય એમાં પણ ચા કે કોફી નો એક મગ અને એક પુસ્તક આહા! જાણે સ્વર્ગ જ ઘરમાં ઉતરી આવ્યું એવું લાગે. વાત અહીં માત્ર થોડા પ્રયત્નોની છે.

જાપાનના લોકો ઘરે ઘરે પોતાનું પર્સનલ ગાર્ડન બનાવે છે તેથી જ તો જાપાનના લોકોનું આયુષ્ય લાંબુ છે. એમને ડોક્ટર્સ દવાઓની જગ્યાએ નેચરોપેથી થેરાપીમાં જંગલોમાં, પ્રકૃતિમાં લટાર મારવા માટેની સલાહ આપે છે. તો પછી દવાઓની પાછળ ખર્ચ કરવા કરતાં થોડી મહેનતથી આપણે પણ આપણું ઘર સ્વર્ગ બનાવી શકીએ. અને ઘરને સરસ ઈન્ટ્રસ્ટિંગ લુક મળશે એ તો ખરું જ!

**૧૧) છેલ્લો પ્રશ્ન આપને દિક્ષિતા બહેન કે ભવિષ્યમાં આ પ્રકૃતિ ના રસ્તે શું શું કરવા માંગો છો તમારા કોઈ ગોલ**

બે લીટી કહેવા માગીશ,

''કોડિયું નાનું ભલેને હું, રહું સદાએ હું ઝગમગતું''

હું જે કાર્ય કરૂં છું એ બસ નિરંતર ચાલુ રહે, મારા થકી કોઈ બે વ્યક્તિઓ પણ પર્યાવરણ તરફ વળે તો એ હું મારું સદભાગ્ય સમજીશ. અને જે કાર્ય કરું છું એ કાર્ય બમણી ગતિથી કરું એવી હું જાત પાસે અપેક્ષા રાખું.

દિક્ષિતા બહેન આપનો ખૂબ ખૂબ આભાર.

# મોદની માથાકૂટ

શાંતિભાઈ ખોડદીયા



લગ્નના અવસરે જો કોઈ કઠિનમાં કઠિન ક્ષણો હોય તો તે ''મોદની બેઠક'' છે જેને કાઠિયાવાડમાં આ વેવાર જ્ઞાનીઓની બેઠકને ''માંડવો વરસાવવો'' ના નામથી ઓળખવામાં આવે છે. આ રાવણું જાન વિદાય પૂર્વેનું હોય છે.''વરસાવવો'' શબ્દ આવે એટલે સ્વભાવિક લાગે કે કંઈક વરસતું હશે.હા, એવું જ કંઈક છે. અહીં પૈસાનો વરસાદ હોય છે. પરંપરા અને રિવાજ અનુસાર દાન, દક્ષિણા અને ખેરાતના ગૌણ વ્યવહારો પૂર્ણ થાય અને ત્યારબાદ જ વર-કન્યાને આઝાદીની વિદાય અપાય છે. આમ તો આ વરસાદની માત્રા અનાવૃષ્ટિ જેવી હોય છે પણ તેનો માહોલ અતિવૃષ્ટિ જેવો ઉભો કરવામાં આવે છે.

લગ્ન પ્રસંગની દરેક વિધિ, રિવાજ અને રસોડાના નિષ્ણાતો માંડવા અને જાન બન્ને પક્ષે હોય જ. અને તેમની હાજરીમાં કોઈની દેન નથી કે એમના આ ક્ષેત્રમાં કોઈ માથુ મારે.તો લગ્નમાં અનેક વિધિઓ અને પ્રથાઓમાં ''માંડવો વરસાવવો'' કે ''મોદે બેસવું''એક અતિ મહત્વની પ્રથા છે. જો કે સાંપ્રત સમયમાં આ પ્રથાની મહિમાંને લુણો લાગી ગયો છે. પણ ભૂતકાળમાં આની વિશેષ અહેમિયત હતી.આવી ''મોદ બેઠક'' ના સાક્ષી બનવાની અનેક સોનેરી તકો મળી છે. પણ એક લગ્નના ''માંડવા વરસાવવો''ની બેઠકની બાકાજીકી માનસ પટલ પર શાવત રીતે અંકિત થઈ ગઈ છે. અમારા ભોલિયાને સંસારની ડાળે વળગાડવા માટે તેનું પરિવાર છેલ્લા ૮ વર્ષથી પરસેવો પાડતું હતું. ભોલિયાને ''વાંઢા''ની વાડ કુદવાની થોડીક જ વાર હતી અને ભોલિયાને ભોલિયા જોગી પભી મળી ગઈ. રંગેચંગે સગાઈ થઈ ગઈ. ભોલિયાના લગન લેવાણા અને જાડેરી જાન ઉપડી વેવાઇના માંડવે. માંડવે જાનનું સામૈયુ થયું. છાબ પ્રદર્શિત થઈ. ત્યારબાદ ઢોલ-નગારા-નાયગાન સાથે વરરાજા-એટલે કે ભોલિયાભાઈ માયરે પધાર્યાં. કન્યા એટલે કે પભી પણ ભોલિયાને હમસફર સ્વિકારવા માયરે આવી. લગ્નની મહદઅંશની વિધિ પૂર્ણ થયા બાદ કઠિન અને જ્ઞાનીઓની અંતિમ રિવાજી બેઠક ''માંડવો વરસાવો'' એટલે કે ''મોદ બેઠક'' શરૂ થઈ.

આ માંડવો વરસાવવાના -માંડવા પક્ષના સર્વેસર્વા-સર્વજ્ઞ એવા માથાકાકાએ હુકમની હાકલ મારી..''હાલ એ ય પોલિયા, ગાદલા પાથર, મોદની તૈયારી કરીએ..''પોલિયાએ બે ત્રણ જણાની મદદથી મોદ તૈયાર કરી.. માંડવે મોભી માધાકાકા અને જાનમાં જાબાઝ જેઠાકાકા-મોદ વ્યાહવારના કથિત અને કબજો જમાવેલા માથા ફરેલ ઈસમો. જો જાનમાં કે માંડવે એમની હાજરી હોય તો એમના વેણ જ ''રાજાનું ફરમાન''. જો વેણ ઝીલાય નહી તો જોવા જેવી થાય અને લગ્ન અવસર કુરુક્ષેત્રના મેદાનમાં ફેરવાઈ જાય. ગોર મહારાજ પહેલા વચ્ચે બેસે, ત્રાંસ મગાવે અને મંત્રોના ઉચ્ચારણ સાથે સૌને ચાંલ્લા કરે અને બાકીની બેઠક વ્યવસ્થા માંડવાની માથાકાકા અને જાનની જેઠાકાકાની સુચના મુજબ જ ગોઠવવી પડે. આ બન્નેના પ્રસ્તાવ એટલે -લોઢા પરનો લીટો. મોદ ગોઠવાઈ ગઈ અને જેઠાકાકા ઉવાચ ''૧) સવા રૂપિયો નિવેદ માટે મુકો''. બોલ ઝીલાણો અને વાતનો અમલ થયો. હવે ગામના રામજી મંદિરમાં કેટલા મુકવા તેની દેશના વાર્ષિક બજેટમાં શિક્ષણ અથવા અન્ય ક્ષેત્રમાં કેટલી રકમ ફાળવવી એની જેટલી સંસદમાં બહસ થાય તેનાથી વિશેષ વાદ-વિવાદ જેઠાકાકા અને માથાકાકા વચ્ચે થયો.. ''મુકી દોને રૂ ૫૦૧/-'' માંડવા પક્ષનો એક કંટાળેલ શિક્ષિત યુવાન બોલ્યો. ''તુ ચુપ રહે, તને આમા ખબર નો પડે, હજુ નાનો છો. '' ખેતરના ઉભા પાકમાં રોઝડું ઘુસે અને ખેડુત બગડે તેમ જેઠાકાકા અને માધાકાકા આ યુવાન પર બગડ્યા. ત્યાં બાબા આદમના વખતની બંડીથી સજ્જ થયેલા એવા ત્રિકમ તગડીએ હનુમાન કુદકો મારીને તોડ કાઢવા મોદની વચોવચ સ્થાન લઈ લીધું અને બંડીના ખીસ્સામાંથી તુટેલી દાંડીવાળા ચશ્મા કાઢ્યા. ચશ્મા મહામહેનતે કાન પર ગોઠવી ઝીણી નજર કરી અને તોડ કાઢ્યો- ''૨૫૧ રાખો, ઈ થી વધારે ન હોય'' તગડીનું તીર નીશાને ગયું અને તુક્કો ચાલી ગયો. અહીં મામલો થાળે પડી ગયો. પણ ગામના પાદરમાં આવેલ હનુમાનના મંદિરમાં આપવાની દક્ષિણામાં જેઠાકાકા અને માધાકાકાના વાજિત્રો બેસુરા વાગ્યા. સાપ-નોળિયાની જેમ બાઝી પડ્યા. માધોકાકો ૫૦૦ને વળગ્યો અને જેઠોકાકો ૨૦૦થી વધારે આજેય નહી અને કાલેય નહી બન્નેનું અહમ આકાશે ઉડ્યું. કોઈ ટસનું મસ થવા તૈયાર હતું. બરાબરની બઘડાટી બોલી. માધોકાકો છેલ્લી પાયરી પર બેઠો અને કન્યા પભીના બાપા પાગાભાઈને આજ્ઞા કરી કે જાનને લીલા તોરણે કાઢો.આવા સાઘરઘેલા- ચક્રમોને ત્યાં દિકરી દેવાય જ નહી. આ શબ્દો સાંભળી ભોલિયાને એ કે ૪૭ની ગોળી વાગી હોય તેવી પીડા શરૂ થઈ. માંડ માંડ મેળ પડેલ વરરાજો ભોલિયો માઈનસ ૮ ડીગ્રીમાં માણસ ધ્રુજે એમ ધ્રુજવા માંડ્યો. અંતે ત્રિકમ તગડી કામ લાગ્યો. જેઠાકાકાને સમજાવવામાં ત્રિકમ સફળ રહ્યો.બાકી માધોકાકો તો માને એમ હતો જ નહી ભોલિયા પભીનું થવું હોય તે થાય, અહીં તો માધોકાકો ''ઝીંદાબાદ'' જો કે અંતે ત્રિકમની ચાવીથી તાળુ ખુલી ગયું અને ઘી ના ઠામમાં ઘી પડી ગયું-આ તકે આ સંદર્ભે એક સરસ વાત યાદ આવે છે- ''ગાંધીની દુકાને એક ગ્રાહકે ગોળ માગ્યો.ગાંધીએ ગોળનું નાનું પતિકુ આપ્યું. ગ્રાહકે તે લઈ અંગુઠા અને આંગળીથી બરાબર મસળી અને બોલ્યો-''ગોળ ચિકણો છે. ગાંધી કહ્યું ચીકણો ન હતો પણ તે મસળી મસળી ચીકણો કરી નાખ્યો. આ આપણને પણ નાની અને સરળ વાતને ચોળીને ચીકણું કરી મહત્વ ઉભુ કરવાને કુટેવ પડી ગઇ હોય છે જો કે અહી ભોલિયાભાઈ સલામત રહ્યા. ભોલિયો પભી સંગ વાંઢાના ધોરણમાંથી ઉતીર્ણ થઇ પરણિતની ડીગ્રી લેવામાં સફળ થયો. હાસકારાનો ઓડકાર ખાઈ જીવનસંગીની પભીને લઈ ''જંગ જીતી'' ભોલુરામ સ્વ ઘેર પરત ફર્યા.

સંદેશ:

(૧) ગૌણ વાતમાં સમય અને શક્તિનો વ્યય ન કરો

(૨) અન્યના અવસરમાં આડખીલી ન બનો

(૩) તમારા અહમને પોષવા અન્યને હીન ન ગણો.


# માનવજીવન માટે આશીર્વાદ રૂપ પદ્ધતિ એટલે યોગ



- કિરણ એચ. બકરાણીયા
(મો. ૯૫૧૨૧૭૨૨૪૩)

જય વિશ્વકર્મા મિત્રો યોગમાં આજે આપણે આસનોનો અભ્યાસ આગળ વધારીશું. ૮૪ લાખ આસનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં રોજબરોજ કરવામાં આવતા આસનોનો અભ્યાસ આ અંક દ્વારા આગળ વધારીશું.

## પશ્ચિમોતઆસન :



યોગનું મહત્વપૂર્ણ બેસીને કરાતું આસન છે. જેમાં શરીરને આગળ વાળીને પગની તરફ ઝુકવામાં આવે છે. કમરથી ઝુકવાનું રહેશે. પશ્ચિમ એટલે શરીરનો પાછળનો ભાગ અને 'ઉતાન' એટલે ખેંચાણ શરીરના પાછળના ભાગ (પીઠ, કમર, હેમસ્ટ્રિંગન)ને સ્ટ્રેચ આપે છે.

**રીત :**

- મેટ ઉપર બેસીને બંને પગ આગળ સીધા કરો.
- શ્વાસ ભરી બંને હાથ ઉપર ઉઠાવો.
- શ્વાસ છોડતા ધીમેધીમે આગળ વળો.
- હાથથી પગના અંગૂઠા અથવા પગ પકડવાનો પ્રયત્ન કરો.
- માથું ઘૂંટણ પાસે લાવવા પ્રયત્ન કરો.
- કમરથી ઝૂકો સ્પાઇન સીધી રાખો.
- થોડો સમય (૨૦-૩૦ સેકન્ડ) આ સ્થિતિમાં રહો અને શ્વાસ સામાન્ય રાખો.

**લાભ :**

- પેટની ચરબી ઘટાડવામાં મદદ કરે છે.
- પાચન ક્રિયા સુધારે છે.
- કમર અને પીઠને મજબુત બનાવે છે.
- શરીરને લવચીન બનાવે છે.
- પગના સ્નાયુઓ મજબુત બનાવે છે.

સાવચેતી :

- કમરનો દુઃખાવો કે પીઠની સમસ્યા હોય તો ન કરવું.
- ઘુંટણમાં ઇજા હોય તો હળવેથી કરવું.
- ખાલી પેટે જ કરવું.
- શરૂઆતમાં શકય હોય એટલુ જ વળવું.

## સેતુબંધ આસાન

આ યોગનું એક મહત્વપૂર્ણ બેકવર્ડ આસન છે. સેતુ એટલે



પુલ (ઇશિમલય) બંધ એટલે બાંધવુ/બનાવવું આ આસનથી શરીરનો આકધાર પુલ જેવો બને છે તેથી તેને સેતુબંધ આસન કહેવામાં આવે છે.

**રીત :**

- મેટ પર પીઠના બળે સીધા સુઇ જાવ
- બંને ઘુંટણવાળી પગને જમીન પર રાખો (હિપની પાસે)
- બંને હાથથી પગની પેનીને પકડો
- શ્વાસ લેતા ધીમે ધીમે કમર અને છાતીને ઉપર ઉઠાવો.
- શરીરને ખંભાથી ઘુંટણ સુધી સીધી લાઇનમાં રાખો
- ૧૫ થી ૩૦ સેકન્ડ આ સ્થિતિમાં રહો નોર્મલ શ્વાસ સાથે
- શ્વાસ છોડતા ધીમે ધીમે પાછા નીચે જમીન પર આવો.

**લાભ :**

- છાતી અને ફેફસાંને ખોલે છે
- થાઇ અને હિપમસલ્સ મજબુત કરે છે.
- થાઇરોડ ગ્રંથીને લાભ આપે છે.
- પીઠ અને કમરને મજબુત બનાવે છે.
- તણાવ અને થાક ઓછો કરે છે.

સાવચેતી :

- ગળા અને પીઠમાં ઇજા હોય તો ધ્યાનથી કરવું.
- ખુબ જોરથી કમર ન ઉઠાવવી.
- ખભા અને ગળાને જમીન પર સ્થિર રાખવા.

આ બંને એકબીજાના પુરક આસનો છે. આસનોના અભ્યાસ પછી પ્રાણાયામ અને મેડીટેશન કરવું.

# આપણા સમાજમાં દરેક ગામ-શહેરમાં જ્ઞાતીના દરેક કાર્યક્રમના અંતે અલ્પાહાર-ભોજનપ્રસાદના આયોજનનો નવો સિલસિલો



- જયંતીભાઇ નગેવાડીયા

## અન્ન ભેગા એના મન ભેગા કહેવત સાર્થક કરવાનો પ્રયાસ

આપણા ગુર્જર સુતાર સમાજમાં મહાશુદ-૧૩ એટલે કે વિશ્વકર્મા જયંતીના રોજ ગુજરાતના દરેક નાના-મોટા ગામ-શહેરો તેમજ મુંબઇ સહિતના સમાજમાં વિશ્વકર્મા જયંતીના રોજ દાદાની પુજા, અર્ચના, હવન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાય છે અને બાદમાં ગામેગામ જ્ઞાતિ સમુહ ભોજનના આયોજન થાય છે. આ સમુહભોજન કોઇ એક કે બે દાતા દ્વારા અથવા દાતા ન હોય તો વિશ્વકર્મા જયંતીના દિવસે એકઠા થતા ફાળામાંથી આયોજન થાય છે. અન્ન ભેગા એના મન ભેગા કહેવતને સાર્થક કરતા હોય તેમ જ્ઞાતિજનો પણ આ સમુહભોજન પ્રસાદ લે છે.

આ વિશ્વકર્મા જયંતીના દિવસે જ્ઞાતિ સમુહ ભોજન ઉપરાંત હવે થોડા સમય કે વર્ષથી સમાજના હવે ગુજરાતભરમાં જ્ઞાતિના કાર્યક્રમો ઉત્સવો કે મિટીંગોમાં એક નવો ચીલો ચાલુ થયો છે તે જ્ઞાતિના કાર્યક્રમના આયોજન અંગે મિટીંગ હોય કે વાર્ષિક સાધારણ સભા કે ધાર્મિક ઉત્સવ હોય કે વિદ્યાર્થી સન્માન કે દાતા સન્માન આવા દરેક કાર્યક્રમોના અંતે અલ્પાહાર કે ભોજન પ્રસાદનું આયોજન લગભગ અચુક જોવા મળે છે.

જો કે આ એક સારી ભાવના છે કે જેના અન્ન ભેગા એના મન ભેગા. ગુજરાતમાં રાજકોટ, જામનગર, જુનાગઢ, અમદાવાદ સહિત અનેક નાના મોટા ગામ શહેરો અને હવે મુંબઇ સહિત દરેક ગામ-શહેરોમાં આ રીતે આયોજન થાય છે. જો કે દરેક ગામના જ્ઞાતિ સમાજનાં હોદ્દેદારો આ બધા આયોજન જ્ઞાતિના ભંડોળમાંથી કરતાં નથી પરંતુ દરેક કાર્યક્રમમાં અલ્પાહાર કે ભોજનપ્રસાદના દાતા હોય છે. કોઇ દાતા ન હોય તો જ્ઞાતિનું ટ્રસ્ટી મંડળ કે કારોબારી સમિતિ કે જ્ઞાતિના આગેવાનો મળીને આ ખર્ચનું આયોજન કરતાં હોય છે.

ધાર્મિક કાર્યક્રમ હોય તો ધ્વજારોહણ કે હવનના યજમાન હોય છે. જે ધ્વજારોહણ કે હવનનો ખર્ચ આપે છે. કોઇ પ્રસાદી આપે છે તો કોઇ આખા માસમાં દિવેલના દાતા હોય છે. તો કોઇ ચા-પાણીના દાતા હોય છે. અમુક ગામ-શહેરમાં તો મિઠાઇના દાતા અલગ તો જમણવારના અલગ, અમુક જગ્યાએ પાણીની બોટલ/જગનાં પણ દાતા હોય છે. અમદાવાદ અને જુનાગઢ સહિત અમુક શહેરમાં અમાસના દિવસે સાંજે ખીચડીના દાતા એટલે કે સાંજના જમણવારના દાતા હોય છે. જે સમયે ઉપસ્થિત જ્ઞાતિજનો ભોજનપ્રસાદ લે છે.

મોટાભાગે સંસ્થા દ્વારા બપોર પછી કે સાંજે કે રાત્રીના જ વિદ્યાર્થી સન્માન, દાતા સન્માન, વાર્ષિક સાધારણ સભા કે અન્ય કાર્યક્રમ માટે જ્ઞાતિની મિટીંગ મોટેભાગે રાત્રે કે સાંજે જ હોય છે. જેથી સાંજના સમયને અનુરૂપ ડીશ હોય છે. અથવા પાંઉભાજી, મિકસ ભજીયા, ચાપડી-ઉંધીયુ(તાવો) કે લાઇવ ગાંઠીયા જેવુ મેનું હોય છે. વિશ્વકર્મા જયંતીના ઉત્સવના આયોજન અગાઉ તૈયારી માટે પણ ગામેગામ રાત્રે નાસ્તો કે અલ્પાહારના આયોજન થાય છે.

# જ્ઞાતિ મંડળના ભંડોળમાંથી નહીં પરંતુ દરેક આયોજન દાતાઓ દ્વારા સ્પોન્સર કરાય છે

દિવાળી બાદ ગામેગામ પરિવારના સુરાપુરા કે માતાજીના હવન ખાસ તિથીએ હોય છે. તેમાં પણ બપોરે ભોજનપ્રસાદ હોય છે. તેમાં પણ એક કે બે પરીવાર દાતા બને છે. દાતા ન હોય તો હવનમાં એકઠા થતા ભંડોળમાંથી જ આયોજન થાય છે. દિવાળી બાદ ગામેગામ મોટાભાગના પરિવારો સ્નેહમિલનનો કાર્યક્રમ રાખે છે તે સાંજના સમયે જ હોય છે. તેમાં પણ કોઇને કોઇ દાતા હોય છે અને જ્ઞાતિ સમાજ સિવાયના જુદા જુદા મંડળો, સોશ્યલ ગ્રુપ, યુવક મંડળ, સખીમંડળ, સર્વિસ ગ્રુપ જેવી સંસ્થાઓ પણ વર્ષમાં એકાદ-બે વાર પોતાની સંસ્થાનો કાર્યક્રમ રાખે છે જે મોટાભાગે સાંજના સમયે જ હોય છે. તેમાં પણ દરેક કાર્યક્રમોમાં અલ્પાહાર કે હળવા ભોજનના આયોજન હોય છે.

મંડળ, સંસ્થાની સમિતિ કે પરિવારની કમિટીના સભ્યો પોતાની સંસ્થાના કાર્યક્રમના આયોજન અંગે ચર્ચા કરવા રાત્રીના કોઇ કાફે, હોટલ કે ધાબામાં મળે છે. જયાં મિટીંગના અંતે ચા-ગાંઠીયાનો સ્વાદ અચુક માણે છે. ટુંકમાં જયાં જયાં જ્ઞાતિજનોનો નાનો મોટો સમુહ ભેગો થાય એટલે અચુક કંઇક આયોજન તો હોય જ.

ટુંકમાં હવે આપણા સમાજમાં લગભગ દરેક ગામ શહેરોમાં સામાજીક, સ્નેહમિલન, જેવા કાર્યક્રમો યોજાય છે તેના ડિજીટલ કે પ્રિન્ટેડ કાર્ડમાં છેલ્લે નોંધ હોય જ છે કે કાર્યક્રમના અંતે આપણા સૌ સાથે મળીને અલ્પાહાર/ભોજન સાથે લેશું. આ એક સારો સીલસીલો છે કે જેમાં જ્ઞાતિજનો કોઇને કોઇ બહાને ભેગા થાય છે અને અન્ન ભેગા એના મન ભેગા કહેવતને સાર્થક કરે છે અને ભાઇચારાની ભાવના વધે છે અને આ બધા આયોજનો જ્ઞાતિભંડોળમાંથી એક પણ રૂપિયો ખર્ચ્યા વગર દાતાઓ દ્વારા આયોજન થાય છે અને જ્ઞાતિના દિલેર દાતાઓ પણ જ્ઞાતિજનો-પરિવારજનોને જમાડયાનો સંતોષ અનુભવે છે.

જ્ઞાતિના કાર્યક્રમોમાં અલ્પાહાર જમણવારનાં આયોજનનો સિલસિલો શરૂ થયો ત્યારથી જ્ઞાતિના કાર્યક્રમોમાં જ્ઞાતિજનોની હાજરી પહેલા કરતા ઘણી વિશેષ જોવા મળે છે એ પણ નોંધનીય છે.

# ખેરડીયા હનુમાનજી મંદિરે હનુમાન જ્યંતિએ ભવ્ય હનુમાન મહોત્સવ ઉજવાયો




વાંકાનેર તાલુકાના જોધપર ખાતે આવેલ પવિત્ર ખેરડીયા હનુમાનજી મંદિરે હનુમાન જ્યંતિના પાવન અવસરે છેલ્લા ૫૬ વર્ષથી અવિરત ચાલતી આવી રહેલી ભવ્ય પરંપરાને અનુરૂપ આ વર્ષે પણ અદભૂત ભક્તિભાવ અને ઉત્સાહ સાથે હનુમાન મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું.

સમગ્ર પીલોજપરા પરિવાર દ્વારા આ ઉત્સવ ને આનંદ સભર ઉજવવામાં આવ્યો હતો. તેમજ આ વર્ષે આ પવિત્ર મહોત્સવમાં પ્રસાદનું આયોજન અમારા પરિવાર એટલે કે સ્વ. ચંદુભાઈ મોતીભાઈ પીલોજપરા (હસ્તક - ધર્મેશભાઈ, ભાવેશભાઈ, અશ્વિનભાઇ) તથા સ્વ. પ્રાગજીભાઈ મોતીભાઈ પીલોજપરા (હસ્તક- મયુરભાઈ, ચંદ્રેશભાઈ ) તરફથી આયોજિત કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર પીલોજપરા પરિવારે હર્ષ ઉલ્લાસ સાથે ભાગ લીધો અને સૌએ શ્રદ્ધાભાવે હનુમાનજીના દર્શન કરી મહા પ્રસાદનો લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મંદિર પરિસરમાં ભજન-કીર્તન, પૂજા-અર્ચના અને દૈવી ભાવનાથી ઓતપ્રોત એવું દિવ્ય અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું, જે દરેક દર્શન કરવા આવનાર વ્યક્તિઓના હૃદયને સ્પર્શી ગયું હતું.

હનુમાનજી આપણને શીખવે છે કે સાચી શક્તિ ત્યારે પ્રગટે છે જ્યારે તે અહંકારરહિત બની ધર્મ અને સેવા માટે સમર્પિત થાય. હનુમાનજીનું જીવન એ ભક્તિ અને કર્તવ્યના સમન્વયનું દિવ્ય પ્રતિક છે, જે દરેક માનવને જીવનમાં શ્રદ્ધા, શિસ્ત અને સમર્પણ તરફ પ્રેરિત કરે છે..

આ ભાવ અને વિચાર ને સમજવા ના ભાગ રૂપે આ કાર્યક્રમ માં હનુમાનજી ની અષ્ટસિદ્ધિ એટલે કે આઠ શક્તિઓ ને તત્વ સ્વરૂપે દર્શાવવામાં આવ્યા અને તેના કોલાઝ બનાવી ને મંદિર ના પરિસર માં લગાવવામાં આવ્યા. દર્શન કરવા આવનાર દર્શિનિકોએ રસ પૂર્વક તેનું વાંચન કર્યું.

આ સમગ્ર આયોજન સમાજમાં ભક્તિ, એકતા અને સેવા ભાવનાનું પ્રેરણાદાયક દ્રષ્ટાંત બની રહ્યું છે. પરિવાર ના સેવાભાવી કાર્યકરો અને યુવાનોના ઉત્સાહભર્યા સહકારથી કાર્યક્રમને વિશેષ સફળતા પ્રાપ્ત થઈ હતી, જે સૌ માટે ગૌરવની બાબત છે...

હનુમાન જન્મોત્સવની ભાવ પૂર્વક ઉજવણી કરી ને પીલોજપરા પરિવાર ગૌરવ ની લાગણી અનુભવે છે.

**અહેવાલ : - ચંદ્રેશ પીલોજપરા (જર્નાલિસ્ટ)**

# બાલભવન ખાતે બે 'પીકલ બોલ' કોટ શ્રી અમુભાઇ ભારદીયાના હસ્તે ખુલ્લા મુકાયા

## માતૃ મંદિર સ્કુલમાં રવિકુમાર ભારદિયાની સ્મૃતિમાં હોલ બનશે : ૧૫ લાખના અનુદાનની જાહેરાત











આજથી ૭૦ વર્ષ પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરૂની ઉપસ્થિતિમાં ઇંદિરાગાંધીએ જેનુ શીલારોપણ કર્યુ હતું તેવા રાજકોટ બાલભવનમાં બાળકોના સર્વાંગી વિકાસ માટેની વિવિધ સવલતો ઉપલબ્ધ છે. તાજેતરમાં આ બાલભવનમાં ૧૫ લાખના ખર્ચે બનાવાયેલ બે 'પીકલ બોલ' કોટનું ઉદઘાટન રાજકોટના ઉદ્યોગપતિ અને અગ્રણી દાતા શ્રી અમૃતલાલ ભારદીયા (ચેરમેન રવિ ટેકનોફોર્જ)ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાલભવનના અધ્યક્ષ અને જાણીતા શિક્ષણવિદ ડો. અલ્પાબેન ત્રિવેદી (હેલીબેન), ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવારના પ્રમુખ યોગીન છનિયારા, બાલભવનના ઓફીસ સુપ્રી. કિરીટભાઇ વ્યાસ, એકાઉન્ટન્ટ કિરીટભાઇ જોષી, સ્પોર્ટસ અધિકારી આશીતભાઇ સૈયદ વગેરે પણ ઉપસ્થિત રહયા હતા.

શ્રી અમૃતલાલ ભારદીયાએ રીબીન કાપી પીકલ બોલ કોટ ખુલ્લો મુકયો હતો અને બાદ 'પીકલ બોલ' પણ બાળકો સાથે રમી પીકલ કોટ રમત ખુલ્લી મુકી હતી. ડો. અલ્પનાબેન પણ સાથે રહયા હતા. આ પ્રસંગે ડો. અલ્પનાબેન ત્રિવેદીએ બાલભવનના વિવિધ વિભાગો અને ચાલતી પ્રવૃત્તિઓથી શ્રી અમૃતલાલ ભારદીયાને વાકેફ કર્યા હતા.

### ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન)એ આભાર વ્યકત કર્યો

ડો. અલ્પનાબેન ત્રિવેદી વિવિધ કોલેજ-સ્કુલનું સંચાલન કરી રહયા છે. ત્યારે કાલાવડ રોડ પર આવેલ માતૃમંદિર સ્કુલમાં હોલ બનાવવા રૂા. ૧૫ લાખનું અનુદાન પણ શ્રી અમૃતલાલ ભારદીયાએ જાહેર કર્યુ હતુ. આ અનુદાનથી માતૃમંદિર સ્કુલમાં રવિકુમાર ભારદીયા હોલ તૈયાર કરાશે. બાલભવનમાં આવા અનેક વિદ્યાર્થીઓને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે બાલભવનમાં રવિકુમાર ભારદીયાની સ્મૃતિમાં અદ્યતન આર.ઓ. પ્લાન્ટ પણ મુકવામાં આવ્યો છે. શ્રી અમૃતલાલ ભારદીયાએ આપેલ અનુદાન બદલ ડો. અલ્પનાબેન ત્રિવેદીએ તેમના પ્રત્યે આભારની લાગણી પ્રદર્શીત કરી રહી.

# આદર્શ લગ્નની પહેલ કરીને જીએચપી સમાજને ઉપયોગી બન્યું છે : શ્રી અમુભાઇ ભારદીયા

## જીએચપી દ્વારા એક સાથે બે આદર્શલગ્નનું થયુ આયોજન









પરમ પૂજ્ય વિશ્વકર્મા પ્રભુજીની અસીમ કૃપાથી અને પ્રેરણાથી, દાતાશ્રીઓના અનુદાનથી જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના સહયોગથી સર્વ જ્ઞાતિબંધુઓ અને વડીલોના સાથ સહકાર સાથે સામાજીક પ્રગતિના શુભ સમાન શ્રી ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર દ્વારા ૧૭ અને ૧૮ માં આર્દશ લગ્ન તા.૨૬/૦૪/૨૦૨૭૬ ને રવિવારના રોજ શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ સ્થળે યોજાઈ ગયેલ છે. આ આર્દશ લગ્નમાં શ્રી શૈલેષભાઈ બાબુભાઈ સોનીગરા, રહે. વડોદરાના પુત્ર જતીનના શુભ લગ્ન હર્ષાબેન લાલજીભાઈ સોંડાગરની પુત્રી રિતિકા સાથે તથા અરવિંદભાઈ મગનભાઈ સંચાણીયા, રહે. મોરબીના પુત્ર લાલુ ના શુભ લગ્ન ભરતભાઈ ભગવાનજીભાઈ તલસાણીયા રહે. અમરેલીની સુપુત્રી કૃપાલી સાથે ધામધુમથી યોજાઈ ગયેલ. આ બંન્ને આદર્શ લગ્નના સંપુર્ણ દાતાશ્રી રવિકુમાર ફાઉન્ડેશનના શ્રી અમૃતલાલ ખીમજીભાઈ ભારદીયાનો સહયોગ પ્રાપ્ત થયેલ. આ આદર્શ લગ્ના શુભ પ્રસંગેશ્રી રવિકુમાર ફાન્ડેશનના દાતાશ્રી અને દાનવીર શ્રી અમૃતલાલ ખીમજીભાઈ ભારદીયા અને તેમના ધર્મ પત્નિ શ્રી હાજર રહી આદર્શ લગ્નના બન્ને દંપતિઓને લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ અને આર્શીવાદ પાઠવેલ. આ પ્રસંગે શ્રી અમૃતલાલ ખીમજીભાઈ ભારદીયાએ જણાવેલ કે, શ્રી ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર, રાજકોટ ગુર્જર સુતાર સમાજ માટે આ આર્દશ લગ્નની પહેલ કરી સમાજ માટે ઉપયોગી બન્યા છે. આ સંપુર્ણ લગ્નની વ્યવસ્થા, કરીયાવર વિગેરે કાર્ય ખરેખર પ્રશંસનીય રીતે કરી રહ્યા છે અને સમાજને ઉપયોગી કાર્ય કરી રહયા છે. આ કાર્યમાં તેમને મારો સંપુર્ણ આર્થીક સહયોગ છે જ અને ભવિષ્યમાં પણ આ સંસ્થાને જરૂરીયાત મુજબ હુ આર્થીક સહયોગ આપતો રહીશ.

આ પ્રસંગે શ્રી અમૃતલાલ ખીમજીભાઈ ભારદીયાનુ સન્માન શ્રી યોગીનભાઈ છનીયારા તથા અરવિંદભાઈ ગજજર દ્વારા કરવામાં આવેલ અને તેમના ધર્મ પત્નિનુ સન્માન નારી શકિત ગૃપની બહેનો દ્વારા કરવામાં આવેલ. તેમજ આ પ્રસંગે અમદાવાદથી પધારેલ તુલશીભાઈ સોનીગરા અને તેમના ધર્મ પત્નિને પણ સન્માનીત કરવામાં આવેલ.

આ આર્દશ લગ્નને સફળ બનાવવા ગુર્જર સુતાર હિતેચ્છુ પરીવારના શ્રી યોગીનભાઈ છનીયારા તથા અરવિંદભાઈ ગજજર અને કમીટીના હિરેન કલોલીયા, મનિષ વિસાવડીયા, જયદીપ કરગથરા, ખુશાલ મહેમદાવાદીયા, પરેશ સુરેલીયા, જનક પંચાસરા,સંદિપ સાંકડેચા, મુકેશ કરગથરા,વિપુલ અખીયાણીયા,સાવન વડગામા,બકુલભાઈ ગોવિદીયા વિગેરે તથા જીએચપી ગૃપની ભગીની સંસ્થા નારી શકિત ગૃપની બહેનો કવિતાબેન છનિયારા, કુંદનબેન ગોવિંદીયા, મિતલબેન કરગથરા,ચાંદનીબેન કલોલીયા, વિગેરે જહેમત ઉઠાવી !

# અમદાવાદમાં વિશ્વકર્મા બિઝનેસ એક્સ્પો ૨૦૨૬ ભવ્ય સફળતા સાથે પૂર્ણ

## પ્રથમવાર આયોજિત એક્સ્પોમાં ૧૦૦થી વધુ સ્ટોલ્સ, ૯૦૦૦થી વધુ મુલાકાતીઓની ઉપસ્થિતિ

- ભાવિન મિસ્ત્રી
















અમદાવાદ ખાતે વિશ્વકર્મા સમાજ દ્વારા પ્રથમ વખત આયોજિત વિશ્વકર્મા બિઝનેસ એક્સ્પો ૨૦૨૬ ભવ્યતા અને ઉત્સાહ સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ ઐતિહાસિક કાર્યક્રમમાં સમાજના ઉદ્યોગકારો, વેપારીઓ અને યુવા સ્ટાર્ટઅપ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે વિશ્વકર્મા સમાજ હંમેશા કૌશલ્ય, મહેનત અને સર્જનાત્મકતા માટે ઓળખાતો રહ્યો છે અને આજના યુવાનો ટેક્નોલોજી તથા સ્ટાર્ટઅપ્સ દ્વારા નવી દિશા આપી રહ્યા છે.

એક્સ્પોમાં કુલ ૧૦૦થી વધુ સ્ટોલ્સ મૂકવામાં આવ્યા હતા, જેમાં વિવિધ ઉદ્યોગો, પ્રોડક્ટ્સ અને સેવાઓનું પ્રદર્શન થયું હતું. આશરે ૯૦૦૦થી વધુ મુલાકાતીઓએ હાજરી આપી હતી, જેના કારણે સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ રહ્યો હતો.

આ એક્સ્પો માત્ર પ્રદર્શન નહીં પરંતુ એક મહત્વપૂર્ણ મંચ સાબિત થયો, જ્યાં ઉદ્યોગકારો અને યુવાનો વચ્ચે સીધી મુલાકાત, વિચારોની આપલે અને નવા બિઝનેસ અવસરો ઊભા થયા હતા. ખાસ કરીને યુવાનો માટે રોજગારની નવી તકો ઊભી થઈ હતી.

આવો એક્સ્પો યુવાનોને રોજગાર અને ઉદ્યોગ માટે નવી દિશા આપે છે, - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

આયોજક મંડળના સુવ્યવસ્થિત આયોજનને સર્વત્રથી પ્રશંસા મળી હતી અને આ કાર્યક્રમ સમાજ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ બની રહ્યો છે.





# સુરેન્દ્રનગરના યુવાનોએ કરી નડા બેટ સુધીની બાઈક યાત્રા




- દિનેશ ગજ્જર





સુરેન્દ્રનગરના વિશ્વકર્મા સમાજના યુવાનો ગુજરાતના વિવિધ છેડા સુધી જઈને સમાજ બંધુઓને મળવા માટે છેલ્લા પાંચ વર્ષથી બાઈક યાત્રાનું આયોજન કરે છે. સતત પાંચમા વર્ષે આ બાઈક યાત્રા તારીખ : ૧૨ એપ્રિલ, ૨૦૨૬ને રવિવારેના રોજ સવારે ૫.30 કલાકે શ્રી વિશ્વકર્મા વાડી, રતનપર, સુરેન્દ્રનગરથી પ્રસ્થાન કર્યું, પાટડી મુકામે શ્રી હિંમતભાઇ મિસ્ત્રીના ઘરે યાત્રાનું સ્વાગત થયું, ચા-નાસ્તો કર્યો અને આગળ યાત્રા બપોરે ૧૨.30 કલાકે નડાબેટમાં શ્રી નડેશ્વરી માતાજી મંદિરે પહોંચી હતી. મંદિરમાં માતાજીના દર્શન-પ્રસાદ પછી નડાબેટ સીમાદર્શન ખાતે યાત્રા ગઈ હતી. નડાબેટના ઓફિસર દ્વારા યાત્રાળુઓને ખુબ સારો સહકાર, પ્રતિસાદ મળ્યો, નડાબેટનું મ્યુઝીમ, પ્રદર્શન ગાઈડની સાથે યાત્રિકો બતાવવામાં આવ્યું. ત્યારબાદ નડાબેટના ઑડિટોરિયમમાં નડાબેટ ઓફિસર દ્વારા તમામ યાત્રિકોનું સ્વાગત, અભિવાદન અને શીલ્ડથી સન્માનિત કરવામાં આવ્યા. યાત્રા વિષે નડાબેટ દ્વારા પોતાનું બેનર બનાવીને વિશ્વકર્મા સમાજની યાત્રાનું સ્વાગત કરાયું એ ગૌરવની વાત છે. નડાબેટના મુખ્ય સર્કલમાં તમામ બાઇકને સ્પેયિશ્યલ એન્ટ્રી આપવામાં આવી અને બાઈક રાઇડરોએ પરેડ જેવું વાતાવરણ ઉભું કરીને દર્શકોને મજા કરાવી હતી. ત્યારબાદ યાત્રા ડૉ. શંકરભાઇ સુથારના નવ-નિર્માણ પામતા નરા રિસોર્ટ ખાતે ગઈ હતી, ત્યાં ડૉ. સુથાર સાહેબ અને તેમના પરિવારજનોએ યાત્રિકો ચા-પાણી, ઠંડુ આપ્યું હતું. ત્યારબાદ યાત્રા સાંજે ૭.00 કલાકે શ્રી વિશ્વકર્મા મંદિર કટાવધામ પહોંચી હતી. કટાવધામમાં મહંતશ્રી ૧૦૦૮ જયરામબાપુના દર્શન-આશીર્વચન લઈને, રાત્રી ભોજન-પ્રસાદ લઈને યાત્રાળુઓ કટાવધામમાં રાત્રી રોકાણ કર્યું. રાત્રી સતસંગમાં શ્રી જયરામબાપુની દિવ્ય વાણીનો લાભ મળ્યો, તમામ યાત્રિકોનું ખેસથી સન્માન કટાવધામ મંદિર ને સમાજબંધુઓએ કર્યુ. તા. ૧૩-૦૪-૨૦૨૬ ના રોજ વહેલી સવારે યાત્રા ભાભર શ્રી નાગજીભાઈ સુથારને ત્યાં ગઈ હતી, શ્રી હનુમાનજીના મંદિરમાં યાત્રિકોએ હનુમાનચાલીસા કરી, ગરમા-ગરમ ભજીયાંનો આનંદ લીધો. ત્યારબાદ યાત્રા વાવ મુકામે સુથાર સમાજની સ્કૂલ શ્રી ક્રિષ્ના વિદ્યામંદિર ખાતે મુલાકાત લીધી, બાળકોને યાત્રાનું સ્વાગત કર્યું, ત્યારબાદ યાત્રા ગંભીરપુરા ગામે પહોંચી જ્યાં એક જ ગલીમાં ૬0 જેટલા સુથાર સમાજના ઘર હોય ત્યાં યાત્રાનું સ્વાગત થયું, માતાજીના મંદિરમાં શ્રી સમાજબંધુઓ સાથે ચિંતન બેઠક થઇ અને ગંભીરપુરા ગાડા બનાવવામાં ખુબ પ્રખ્યાત અને ત્યાં ટી.કે.સુથારના ઘરે નક્શીકામ અને જર્મન-સિલ્વર કામના નમૂનાઓ જોયા, દેશ-વિદેશમાં આપણી કલા પહોંચે છે તે જાણવા મળ્યું. ત્યારબાદ યાત્રા બપોરે ૧૨.30 કલાકે શ્રી વિશ્વકર્મા મંદિર ઢીમા ખાતે પહોંચી. બપોરે દર્શન કરીને ભોજન લઈને યાત્રા નક્સીકામ અને જર્મનકામની કારીગરી જોવા માટે શ્રી સુરેશભાઈ સુથારના ઘરે ગઈ હતી. સાંજે યાત્રાળુઓએ ધરણીધર મંદિરમાં દર્શન કર્યા, જ્યાનું મહત્વ, ઈતિહાસ જાણ્યો અને રાત્રે ચિંતન બેઠકનું આયોજન થયું હતું જેમાં

## ૨૦૨૭ની યાત્રા સુરેન્દ્રનગરથી નારાયણ સરોવર સુધીની : દિનેશ ગજ્જર






વિશાળ પ્રમાણમાં સમાજ બંધુઓ એકત્રિત થયા હતા. આ ચિંતન બેઠકમાં વિશ્વકર્મા દાદાનો મહિમા, સમાજના રીત-રિવાજો અને અનેક પ્રશ્નો બાબતે ચિંતન કરવામાં આવેલ. રાત્રી ચિંતન બેઠકમાં ગાંધીનગરથી પી.આઈ.શ્રી કિરણ સુથાર સાહેબ સહીત ઢીમાના અનેક અગ્રણી જ્ઞાતિબંધુઓએ હાજરી આપી હતી. રાત્રી રોકાણ બાદ યાત્રા ત્રીજા દિવસે તા. ૧૪-૦૪-૨૦૨૬ના રોજ વહેલી સવારે ૫.૩૦ કલાકે સુરેન્દ્રનગર તરફ પ્રસ્થાન કર્યું હતું જેમાં શ્રી રસ્તામાં આવતા ખોડિયાર મંદિર અને પંચાસરા પરિવારના સુરાપુરાના સ્થાનકે દર્શન કરીને યાત્રાળુઓ નિર્વિઘ્ને સુખદ રીતે પોત-પોતાના ઘરે પહોંચી ગયા હતા.

સુરેન્દ્રનગરથી નીકળતી દર વર્ષની આ યાત્રામાં સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણેથી સમાજ બંધુઓ જોડાઈ છે. આ યાત્રા દ્વારા ગુજરાતના ખૂણે-ખૂણે સમાજબંધુના એક-બીજાના પરિચયમાં આવે તેવો એક સંકલ્પ છે. વર્ષ ૨૦૨૨માં શરૂ થયેલી યાત્રા, શ્રી સુન્ધામાતાજી મંદિર-રાજસ્થાન, દ્વારકા, સોમનાથ, ઈલોરગઢ (મહારાષ્ટ્ર) અને આ પાંચમા વર્ષે ૨૦૨૬માં સુરેન્દ્રનગરથી નડાબેટ પહોંચી હતી. આગામી વર્ષ : ૨૦૨૭ ની યાત્રા સુરેન્દ્રનગરથી નારાયણ સરોવર (કચ્છ) સુધીની રહેશે તેવી જાહેરાત યાત્રાના સંયોજક દિનેશભાઇ ગજ્જરે કરી હતી. આ બાઈક યાત્રામાં તમામ યાત્રિકો પોતાનું પદ અને પૈસાને એકબાજુ મૂકીને સમાનતાથી ભાવનાથી જોડાઈ છે. આ બાઈક યાત્રામાં કોઈનું પણ વ્યક્તિગત સ્વાગત કરવામાં આવતું નથી. શ્રી વિશ્વકર્મા રથમાં રહેલ ભગવાન શ્રી વિશ્વકર્માની મૂર્તિનું સ્વાગત દરેક ગામ-શહેરોમાં થાય છે. મોટા ભાગના યાત્રિકો તો દર વર્ષે નિયમિત યાત્રામાં હોય છે. કારણકે આ યાત્રામાં એક સમાન ભાવ હોય છે, કોઈ નાનો નહિ, કોઈ મોટો નહિ એટલે આ યાત્રા ધીરે ધીરે ગુજરાતમાં એક નોંધનીય પગલું બનતી જાય છે. આગામી ૧૦-૧૨ વર્ષોમાં આ યાત્રા ગુજરાતના તમામ શહેરો, સમાજ બંધુઓ અને વાડીઓ, મંદિરોથી પરિચિત હશે એવો ઉમદા વિચાર આયોજકોએ જણાવ્યો છે. આ યાત્રામાં અનેક લોકોનો સહકાર છે, પુરી ટિમ છે, એટલે નામોનો ઉલ્લેખ બહુ કરવામાં આવેલ નથી. યાત્રાનું સ્વાગત કરનાર, યાત્રા માટે વ્યવસ્થા કરનાર અને સહકાર આપનાર તમામનો યાત્રિકો આભાર વ્યક્ત કરે છે.

# મોરબી મહાનગરપાલિકામાં કોર્પોરેટર બન્યા શીતલબેન વઘાડીયા



મોરબી મહાનગરપાલિકાની યોજાઇ ગયેલ ચુંટણીમાં સુતાર સમાજના શિતલબેન સાગરભાઇ વઘાડીયાની ભવ્ય જીત થતા મોરબી સુતાર સમાજમાં આનંદની લાગણી વ્યાપી છે. શીતલબેનની જીત બદલ જ્ઞાતિના પ્રમુખ નીમીતભાઇ ભાલારા, ડો. જયંતીભાઇ ભાડેશીયા, વિશ્વકર્મા વિશ્વ પરિવારના અનિલભાઇ ખારેચા સહિતના આગેવાનોએ તેમને અભિનંદન આપ્યા છે.

બી.એ. ગ્રેજયુએટ એવા શિતલબેન ભાજપમાં ૮ વર્ષથી સક્રિય છે. તેઓ પેજ પ્રમુખ અને બુથ મહિલા પ્રમુખ તરીકે પણ તેઓ રહી ચુકયા છે. સુથાર મહિલા સમાજ સહિતના સમાજોમાં સક્રિય એવા શિતલબેન લોકોને પ્રાથમિક સુવિધા અપાવવા સતત કાર્યશીલ હોય છે. શિતલબેનના પતિ સાગરભાઇ સાગર એગ્રો ઇન્ડસ્ટ્રીઝના નામથી ટ્રેકટર ટ્રેઇલર, રેંકર, ટ્રોલી, ડંપર વગેરે બનાવવાનું કારખાનું ધરાવે છે. બાળપણથી સંઘ સાથે જોડાયેલા સાગરભાઇ ૧૫ વર્ષથી ભાજપમાં છે. તેઓ બુથ યુવા પ્રમુખ ઓબીસી મોરચાના મંત્રી, બુથ પ્રમુખ પણ રહી ચુકયા છે. સાગરભાઇના પિતા જયંતીભાઇ વાઘજીભાઇ વઘાડીયા પણ ૨૮ વર્ષથી સંઘ અને ભાજપમાં સક્રિય છે. તેઓ પણ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ, વોર્ડ ઉપપ્રમુખ રહી ચુકયા છે. તેઓ ભાજપ મોરબી શહેર સલાહકાર સમિતિના સભ્ય છે. આમ આખો વઘાડીયા પરિવાર વર્ષોથી સંઘ-ભાજપ સાથે સંકળાયેલ છે.

# કોર્પો.ની ચુંટણીમાં માધવીબેન બદ્રકીયા સહિત આઠ વિશ્વકર્મા સમાજના વિજેતા

## ૫૬ વર્ષ બાદ ગુર્જર સુતાર જ્ઞાતિને મળ્યુ પ્રતિનિધિત્વ









તાજેતરમાં યોજાઇ ગયેલ રાજકોટ મહાનગરપાલિકાની યોજાયેલ ચુંટણીમાં વિશ્વકર્મા સમાજને પુરતુ પ્રતિનિધિત્વ મળ્યું છે. આ ચુંટણીમાં ભારતીય જનતા પક્ષના મોવડી મંડળે જે ઉમેદવારો પસંદ કર્યા તેમાં વિશ્વકર્મા સમાજના આઠ જેટલા ઉમેદવારોને ટિકિટ આપી હતી. આ આઠેય ઉમેદવારો વિજેતા થતા વિશ્વકર્મા સમાજનો અવાજ મજબુત બન્યો છે.

આ ચુંટણીમાં વિશ્વકર્મા સમાજની અલગ અલગ જ્ઞાતિના જે ઉમેદવારો વિજેતા થયા છે તેમાં વોર્ડ નં. ૧૩માં માધવી નીતિનભાઇ બદ્રકીયાનો સમાવેશ થાય છે. માધવીબેન બદ્રકીયા ઉચ્ચ શિક્ષિત છે અને તેઓ કન્યા છાત્રાલયના સંચાલન સાથે સંકળાયેલા છે. માધવીબેનના પતિ નીતિનભાઇ શિક્ષક છે. સાથોસાથ ગુર્જર સુતાર જ્ઞાતિમાં કાર્યકર્તા તરીકે પણ સેવા કરી રહયા છે. સ્થાનિક સ્વરાજ સંસ્થામાં ૫૬ વર્ષ પહેલા મોહનભાઇ ગજજર (વાલંભીયા) નગરપાલિકામાં નગરસેવક બન્યા ન હતાં. ૧૯૭૦ બાદ રાજકોટ ગુર્જર સુથાર જ્ઞાતિને સ્થાન મળ્યું છે.


આ ઉપરાંત વિશ્વકર્મા સમાજમાંથી વોર્ડ નં. ૨માં ડો. શૈલેષ વસાણી, વોર્ડ નં. ૨માં મિતલબેન લાઠીયા, વોર્ડ નં. ૧૭માં કૌશિક ટાંક, વોર્ડ નં. ૧૪માંથી અરૂણાબેન આડેસરા, પ્રજાપતિ સમાજમાંથી વોર્ડ નં. ૧માં અંજના મોરઝરીયા અને વોર્ડ નં. ૬માં અનિલ ચૌહાણનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં દિપક પંચાલે કોર્પો. ચુંટણીમાં સૌથી વધુ મત મેળવ્યા




તાજેતરમાં ગુજરાતમાં આવેલ મહાનગરપાલિકાની યોજાયેલ ચુંટણીમાં અમદાવાદ મહાનગર પાલિકામાં વિવિધ વોર્ડમાંથી વિશ્વકર્મા સમાજના આઠ જેટલા ઉમેદવારો વિજેતા થયા છે. વિશ્વકર્મા સમાજ માટે ગૌરવની વાત એ છે કે અમદાવાદના નીકલો વિસ્તારમાંથી વિજેતા થયેલ દિપકભાઇ પંચાલે અમદાવાદમાં સૌથી મળ્યા છે. અમદાવાદમાંથી વિશ્વકર્મા સમાજ પૈકીના પંચાલને ૩ ટિકિટ, ગજજર સમાજને એક ટિકિટ, કડીયા સતવારા સમાજને બે ટિકિટ ફાળવવામાં આવી હતી. અને કંસારા સમાજને પણ બે ટિકિટ ફાળવવામાં આવી હતી. આ તમામ ઉમેદવારો વિજેતા બન્યા છે.

# ભાવનગરમાં નગરસેવિકા બનતા નિરલબેન સિદ્ધપુરા



ભાવનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૧માંથી લુહાર સમાજના નિરલબેન મનિષભાઇ સિદ્ધપુરા વિજેતા થયા છે. નિરલબેનની અથાગ મહેનત, સમાજ સેવાનું આ પરિણામ છે. નીરલબેનની જીત ભાવનગરના વિકાસ અને સમાજના ઉત્થાનની નવી શરૂઆત છે. તેમના નેતૃત્વથી આ વોર્ડ વધુ સમૃદ્ધ, સુરક્ષીત અને પ્રગતિશીલ બનશે. નીરલબેને ટી.વાય. બીએ.સી. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. અને લુહાર સમાજના મહિલા મોરચાના પ્રમુખ તરીકે બહેનો માટેના વિકાસ માટે કામ કરી રહયા છે. નીરલબેનના પતિ મનિષભાઇ ઇન્ડસ્ટ્રીઝયાલીસ્ટ છે અને ગાયત્રી ઇન્ડસ્ટ્રીઝના નામથી ઔદ્યોગિક એકમ ધરાવે છે.

**- ભરત રાઠોડ (વિશ્વકર્મા ટુડે)**

# મહેમદાવાદીયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કોઠી મુકામે ભવ્ય હવન યોજાયો









તા. ૧૬-૦૪-૨૦૨૬ ના રોજ શ્રી મહેમદાવાદીયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કોઠી મુકામે સુરાપુરા દાદા વશરામ દાદા ના સાનિધ્યમાં ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે રાજકોટ, અમદાવાદ, કચ્છ, કડી અને મોરબી સહિત વિવિધ સ્થળોથી પરિવારના સભ્યો ઉપસ્થિત રહી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

યજમાન સ્થાને- શિલ્પાબેન નિકુંજભાઈ હવન બિરાજમાન હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે યોગીનભાઈ છનિયારા, અરવિંદભાઈ સોંડાગર, હિરેનભાઈ કલોલિયા, જયદીપભાઈ કરગથરા, પિયુષભાઈ અઘેરા, નવીનભાઈ પાટડીયા, પ્રવીણભાઈ ગજ્જર અને દિલીપભાઈ પિલોજપરા, GHP ગ્રુપ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં આવેલ તમામ મહેમાનોનું કમિટી તથા પરિવાર દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. પરિવારના સ્વયંસેવકો દ્વારા પ્રમુખ



શ્રી જયેશભાઈ અરજનભાઈ, ઉપપ્રમુખ શ્રી જીતેશભાઈ લાલજીભાઈ અને મંત્રી શ્રી સંદીપભાઈની આગેવાનીમાં વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી, જેના પરિણામે સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

મુખ્ય મહેમાનોનું સન્માન નીચે મુજબ કરવામાં આવ્યું હતું:

✻ યોગીનભાઈ છનિયારાનું સ્વાગત પ્રમુખ શ્રી જયેશભાઈ અરજનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

✻ અરવિંદભાઈ સોંડાગરનું સ્વાગત ઉપપ્રમુખ શ્રી જીતેશભાઈ લાલજીભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

✻ હિરેનભાઈ કલોલિયાનું સ્વાગત મંત્રી શ્રી સંદીપભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

✻ પરેશભાઈ સુરેલિયાનું સ્વાગત અમુભાઈ લાલજીભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

✻ દિલીપભાઈ પિલોજપરાનું સ્વાગત શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

✻ પ્રવીણભાઈ ગજ્જર (વિશ્વકર્મા વિશ્વ)નું સ્વાગત વિનુભાઈ મોહનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

✻ નવીનભાઈ પાટડીયાનું સ્વાગત અશ્વિનભાઈ અરજનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

✻ પિયુષભાઈ અઘેરાનું સ્વાગત

## શ્રી મહેમદાવાદીયા પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટીશ્રીઓ - વર્ષ ૨૦૨૬ થી ૨૦૩૦



પ્રમુખશ્રી
જયેશભાઈ અરજણભાઈ


ઉપપ્રમુખશ્રી
જીતેશભાઈ લાલજીભાઈ


માનદમંત્રીશ્રી
ખુશાલ રાજેન્દ્રભાઈ


સહમંત્રીશ્રી
ધ્રુમિલ જીતેશભાઈ


સહમંત્રીશ્રી
નિકુંજ પ્રવીણભાઈ


ખજાનચીશ્રી
સંદિપ નટવરલાલ


સભ્યશ્રી
ધીરેન્દ્રભાઈ
મોહનભાઈ


સભ્યશ્રી
કમલેશભાઈ
બટુકભાઈ


સભ્યશ્રી
શૈલેષભાઈ
વિઠ્ઠલભાઈ


સભ્યશ્રી
નટવરલાલ
જેઠાલાલ


સભ્યશ્રી
જયદિપ
દિનેશભાઈ


બાબુભાઈ તથા જ્યુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

* જયદીપભાઈ કરગથરાનું સ્વાગત ભુપતભાઈ ત્રિભોવનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિશેષરૂપે, આ શુભ પ્રસંગે પરિવારની એપ્લિકેશન અને પરિવારની બુકનું લોકાર્પણ કરીને તેને પરિવારને સમર્પિત કરવામાં આવ્યું હતું, જે પરિવારની એકતા અને પ્રગતિનું પ્રતિક છે.

આ ઉપરાંત, દર વર્ષની પરંપરા મુજબ કુંવારિકા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ નવી કમિટીની રચના પણ કરવામાં આવી હતી. સાથે જ મંદિરના જીર્ણોદ્ધાર માટે પરિવારના સભ્યોને હાકલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે યોગીનભાઈ દ્વારા ટ્રસ્ટને રૂા. ૧૧,૧૧૧/-નું દાન અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

**: દાન અથવા સેવા નોંધાવવા માટે સંપર્ક કરો:**

ખુશાલભાઈ - ૯૯૨૪૨૮૦૧૨૭, જીતેશભાઈ - ૯૮૨૪૨૬૪૫૨૮, સંદીપભાઈ - ૭૦૧૬૧ ૮૨૨૩૦,

આ કાર્યક્રમ દરમિયાન અંદાજે ૩૦૦ થી ૩૫૦ જેટલા લોકોએ પ્રસાદનો લાભ લીધો હતો, જેમાં સૌએ ભક્તિભાવથી જોડાઈ આ પાવન પ્રસંગને સફળ બનાવ્યો હતો.

હર વર્ષ ની જેમ આ વર્ષે પણ રાજકોટ થી એ.સી. બસ નું આયોજન કરવાના આવ્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા સમાજમાં એકતા, સેવા અને સંસ્કૃતિના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.


**: સહયોગી ટ્રસ્ટીશ્રીઓ :**
સુનિલભાઈ બટુકભાઈ-મોરબી
દિનેશ હેમરાજભાઈ - રાજકોટ
ધવલભાઈ પ્રવીણભાઈ - રાજકોટ
રાજેશભાઈ રણછોડદભાઈ-આદીપુર
કિરીટભાઈ શાંતીભાઈ - આદીપુર
ચેતનભાઈ અરવિંદભાઈ - અમદાવાદ
પરેશભાઈ દલસુખભાઈ - અમદાવાદ
મયુર ગોવિંદભાઈ - અમદાવાદ
બળદેવભાઈ ગોકળભાઈ - આદીપુર
જયંતભાઈ નાનુભાઈ - જામનગર

**: સલાહકાર ટ્રસ્ટીશ્રીઓ :**
રાજેન્દ્રભાઈ અરજણભાઈ- રાજકોટ
શંકરભાઈ પુંજાભાઈ - ખંડિક
હિતેશભાઈ અશોકભાઈ - અમદાવાદ
ગોવિંદભાઈ વિઠ્ઠલભાઈ - અમદાવાદ
ભુપતભાઈ ત્રિભોવનભાઈ - રાજકોટ
શૈલેષભાઈ નાનુભાઈ - વડોદરા



## વિશ્વકર્મા વિશ્વ શૈક્ષણિક વિશેષાંક

**વિશ્વકર્મા વિશ્વની પરંપરા મુજબ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા મે-૨૬નો અંક શૈક્ષણિક વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે.**

- ૧ થી ૯ અને ૧૧માં ધોરણના તેજસ્વી વિદ્યાર્થીઓએ તેમજ
- એસએસસી-એચએસસીના તેજસ્વી વિદ્યાર્થીઓએ

**માર્કશીટ-ફોટો વોટસએપ નં. ૯૦૯૯૯ ૪૯૫૬૫ ૨૫ મે સુધીમાં મોકલવો.**

વિગત મોકલી આજ નંબર પર તુરંત ફોન કરવો જરૂરી.
(કોઈપણ શહેરના વિદ્યાર્થીઓ મોકલી શકે છે.)

**સંપર્ક : પ્રવીણ ગજ્જર(તંત્રીશ્રી), મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

# કિચન તડકા : સમર સ્પેશ્યલ ભાગ-૨

શુભદા ભટ્ટી



## (૧) મસાલા છાશ

**સામગ્રી :**

- દહી - ૧ મોટુ બાઉલ
- મરી પાવડર - ચપટી
- સંચળ - સ્વાદ પ્રમાણે
- જીરા પાવડર - ૧/૨ ચમચી
- ફુદીનો - ૧ ચમચી
- કોથમીર - ૨ ચમચી
- પાણી - જરૂર મુજબ
- આઇસ ક્યુબ - જરૂર મુજબ

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક બાઉલમાં દહીં લઇને પ્રોપર મીક્સ કરવું. તેમાં મરી પાવડર, સંચળ, જીરા પાવડર એડ કરીને મિકસ કરવું.

મિક્ષર જારમાં ફુદીનો, કોથમીર, ૨ થી ૩ આઇસ ક્યુબ એડ કરીને ચન કરવું.

બનાવેલી પેસ્ટ દહીંમાં એડ કરી જરૂર પ્રમાણે પાણી અને આઇસ ક્યુબ એડ કરી મિક્ષ કરવું.

એકદમ ઠંડી ઠંડી મસાલા છાશ તૈયાર છે.

## (૨) ગ્રેપ્સ મોજીતો

**સામગ્રી :**

- લીલી ફ્રેશ દ્રાક્ષ : ૧/૨ બાઉલ
- ફુદીનો - ૨ ચમચી
- સંચળ - સ્વાદ મુજબ
- મરી પાવડર - ચપટી
- સાદી સોડા - જરૂર મુજબ
- આઇસ ક્યુબ - જરૂર મુજબ

**બનાવવાની રીત :**

મિક્ષર જારમાં લીલી દ્રાક્ષ, ફુદીનો, મરી પાવડર, સંચળ, ૨ થી ૩ આઇસ ક્યુબ એડ કરીને મિકસ કરી લો. હવે તૈયાર લીકવીડને ગાળી લો. ગ્લાસમાં આઇસ ક્યુબ એડ કરો તેમાં બનાવેલ લીકવીડ એડ કરો અડધો ગ્લાસ અને તેમાં સાદી સોડા એડ કરો.

નોંધ : આ મોજીતાને સવ કરીને તરત જ પી લેવો. થોડીવાર પછી તેમાં કલર અને સ્વાદ બદલવા લાગે છે.

## (૩) દાડમ અને અનાનસ જ્યુસ

**સામગ્રી :**

- દાડમ : ૧ વાટકો દાણા
- અનાનસ - અડધો વાટકો
- સંચળ - જરૂર પ્રમાણે
- દળેલી ખાંડ - ૧/૨ ચમચી
- આઇસ ક્યુબ - જરૂર મુજબ

**બનાવવાની રીત :**

જ્યુસરમાં દાડમનો જ્યુસ કાઢીને મોટા ગરણાથી કાઢી લેવો. જ્યુસરમાં અનાનસનો જ્યુસ કાઢીને એને પણ મોટા ગરણાથી રસ કાઢી લેવો. હવે બન્ને જ્યુસ મિકસ કરી તેમાં આઇસ ક્યુબ દળેલી ખાંડ (જરૂર લાગે તો ટેસ્ટ મુજબ) એડ કરવી, સંચળ એડ કરીને બ્લેન્ડરથી ચન કરી લેવું.

નોંધ : આ જ્યુસને બનાવીને તરત જ પી લેવું. લાંબો સમય પડયુ રહેશે તો જ્યુસનો કલર અને સ્વાદ બદલાય જાય છે.

## (૪) વોટર મેલન મોકટેલ

**સામગ્રી :**

- તરબુચ - નાનો કટકો
- સંચળ - સ્વાદ મુજબ
- લીંબુ - જરૂર મુજબ
- ફુદીનાના પાન - જરૂર મુજબ
- સાદી સોડા - જરૂર મુજબ
- આઇસ ક્યુબ - જરૂર મુજબ

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક બાઉલમાં નાની ખમણીથી તરબુચના પીસને ખમણી લેવુ. હવે સર્વિંગ ગ્લાસમાં પેલા તરબુચનું ખમણ લેવું. તેમાં આઇસ ક્યુબ એડ કરો. થોડો લીંબુનો રસ, ફુદીનાના પાનને હાથેથી ટુકડા કરીને એડ કરવા, સંચળ એડ કરો. હવે ગ્લાસમાં સાદી સોડા એડ કરો થોડીક પછી ચમચીથી હલાવી લો. હવે ગ્લાસમાં સમાય એટલે સોડા ભરીને તરત જ સવ કરો.

## (૫) ઓરેન્જ ડિલાઇટ

**સામગ્રી :**

- વેનીલા આઇસ્ક્રીમ - ત્રણ સ્કુપ
- મીરીન્ડા સોડા - બે ગ્લાસ
- ઓરેન્જ શરબત - ૨ થી ૩ ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ એક ઉંડુ વાસણ લો. તેમાં વેનીલા આઇસ્ક્રીમ, ઓરેન્જ શરબત લો. તેમાં ૧ ગ્લાસ મીરીન્ડા એડ કરીને બ્લેન્ડર ફેરવવું. ગ્લાસમાં બનાવેલ લીકવીડ લો હવે ઉપરથી મીરીન્ડા એડ કરો.

નોંધ : આ માપમાંથી બે ગ્લાસ ઓરેન્જ ડિલાઇટ તૈયાર થશે. મીરીન્ડાના બદલે સ્પ્રાઇટ પણ વાપરી શકાય છે.



કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

ઘર બેઠા લવાજમ ભરો, ઘેર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો




**લવાજમ ભરવા**

G Pay OR paytm કરો

મો.૯૦૯૯૯ ૪૯૫૮૫ પર લવાજમ ભરી આજ નંબર પર
વોટસએપ પર ઍડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

---

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**

વિશ્વકર્મા વિશ્વ

**વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને રોજેરોજના સમાચાર મેળવવા આજે જ મોબાઈલ એપ ડાઉનલોડ કરો...**

www.vishwakarmavishwa.com

વધુ માહિતી સંપર્ક : પ્રવીણ ગજજર - મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક

# વિશ્વકર્મા વિશ્વ

# શૈક્ષણિક

## વિશેષાંક - ૨૦૨૬




વિશ્વકર્મા વિશ્વના આગામી જુનનો અંક **શૈક્ષણિક વિશેષાંક** તરીકે પ્રસિદ્ધ થશે.
શૈક્ષણિક વિશેષાંકમાં પસંદગીના સ્થાન માટે આપની જાહેરાત આજે જ બુક કરાવો..
આપની જાહેરાત મોબાઈલ એપ અને ડીઝીટલ એડીશનમાં પણ પ્રસિદ્ધ થશે..

**જાહેરાત આપવાની છેલ્લી તારીખ ૨૫, મે-૨૦૨૬**

**ધો. ૧ થી ૯ તથા ધો. ૧૧ના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ SSC-HSCમાં 90 કે તેથી વધુ PR આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વિદ્યાાર્થીઓએ ફોટો, માર્કશીટ, વોટસએપ નં. 90999 49565 ૨૫ મે સુધીમાં મોકલવી, વિગત મોકલી આજ નંબર પર તુરંત ફોન કરવો જરૂરી. (કોઈપણ શહેરના વિદ્યાર્થીઓ મોકલી શકે છે.)**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.
**Web : www.vishwakarmavishwa.com | E-mail : vishwakarmavishwa@yahoo.com**
**Mo. 90999 49565**

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**